# ઈમામ(અ.સ.)નો ઝહુર અને કાએનાતનો નિઝામ

ઘણા સમયથી સાંભળતા આવીએ છીએ કે 'આ દુનિયા નાની થતી જાય છે'. હવે થોડા દિવસોથી આ એક સામાન્ય વાત થઇ ગઇ છે કે ''આ દુનિયા બહુજ નાની છે'', તેનો અર્થ સ્પષ્ટ છે કે ભૂતકાળની દુનિયા ઘણી ઘણી મોટી હતી અને વર્તમાન દુનિયા બહુજ નાની થઇ ગઇ છે, પરંતુ હકીકત એ છે કે આ દુનિયા જ્યાં હતી ત્યાં જ છે. જેટલી મોટી હતી એટલી જ મોટી છે. ન તો દુનિયા નાની થઇ છે અને ન તો ક્યારેય આ કરતા મોટી હતી. આ નાની-મોટી એટલા માટે કહેવામાં આવે છે કે ઇલ્મની પ્રગતી અને વિજ્ઞાનની ઝડપી તરક્કીએ પશ્ચિમમાં બેઠેલા માણસને અને પૂર્વમાં દૂર બેઠેલા માણસને એક-બીજાની સામે કરી દીધા છે અને તેની નઝદિકીનું માધ્યમ કોમ્પ્યુટરની સ્ક્રીન (પર્દો) છે. ઇલ્મની પ્રગતીનો આ એક ચમત્કાર છે કે અંતરીક્ષના શુન્યાવકાશમાં તરતા કેમેરા વડે ઝમીનની કોઇ પણ જગ્યા ઉપર અગર સુઇ પડી ગઇ હોય તો તેના ઉપર પણ નીશાન લગાવીને હુમલો કરી શકાય છે. અંતરીક્ષથી ઝમીન નઝદીક થઇ ગઇ છે. પૂર્વ અને પશ્ચિમ વચ્ચેનું અંતર ઘટી ગયુ છે. મૌસમની આગાહીના નિષ્ણાંતો દુનિયાનું બદલતુ વાતાવરણ અને આબોહવાની આગાહીઓ આપવા લાગ્યા છે. ભયભીત વિસ્તારમાં શાંતીનુ વાતાવરણ અને શાંતીના માહોલમાં ભયની ગરમી ફેલાવવાના સાધનો આવી ગયા છે. અહી હેતુ અમુક એવી આગાહી વિશે વાત કરવાનો છે જે અંતિમ નબી(સ.અ.વ.)એ પોતાના અંતિમ વસીના બારામાં કરી છે. જેના બારામાં એ જોવાનુ છે કે શું તે કાએનાતના નિઝામની દ્રષ્ટિએ સાચી સાબિત થઇ રહી છે. અહી આપણે ફક્ત ત્રણ આગાહીઓને સચ્ચાઇની રોશનીના કિરણમાં જોવાની કોશિશ કરીશું.

ગયબત લાંબી હશેઃ હિ.સ. ૨૫૫માં ઇમામે આખેરૂઝ ઝમાન(અ.સ.)ની વિલાદત થઇ. સામર્રામાં અસ્કરી મોહલ્લામાં ઇમામ અસ્કરી(અ.સ.)નું પવિત્ર ઘર હતુ. આપની શહાદત હિ.સ. ૨૬૦માં થઇ. ઇલાહી યોજના મુજબ ઇમામતનો એક નીઝામ હતો, જેના ઉપર અમલ કરવાનુ શરૂ થયુ. (વધુ વિગત માટે દુરરૂલ મકસુદ તરફ રજુ થાવ)

નવ્વાબે ખાસનો સમય ૬૯ વર્ષ આજુ બાજુનો છે. આ એક લાંબો સમય થાય છે. ગવાહોની મજબુત દલીલોને મજબુતીથી કાયમ કરવા માટે. હિ.સ. ૩૨૯થી આપની ગયબતે કુબરા ચાલુ થઇ અને ગયબતે કુબરામાં આપની તવકી મુજબ રોવાતે હદીસનું નેતૃત્વ એટલે કે નિયાબતની જવાબદારી મુજતહીદ એટલે કે પ્રતિભાશાળી મરજા સંભાળશે જે ઇમામે ઝમાના(અ.સ.) તરફથી લોકો ઉપર હુજ્જત હશે. હિ.સ. ૧૪૩૩ એટલે અત્યારે લગભગ ૧૧૦૦ સદીઓ પસાર થઇ ગઇ અને આ સમય દરમિયાન એવા ક્યાં ઇન્કેલાબ, બનાવ, તુફાન, હુકુમતની દગાબાજી, ઇમાન વેચવાના માધ્યમો, ઝુલ્મ અને અત્યાચારની હાલત નિસ્તો-નાબુદ કરી દેવાવાળા હથીયારોના કારખાના સામે નથી આવ્યા. પરંતુ એટલા લાંબા ગયબતના સમયમાં સંશોધન, ચિંતન અને પૃથ્થકરણવાળા ઇલ્મના મૈદાનમાં પાછળથી આવનાર, વચ્ચેના અને જુના ઓલમાઓએ ઇમામીયા મઝહબની ફીક્ર અને નઝરીઆ, અકાએદ અને એહકામના અરીસા ઉપર ધુળ નથી બેસવા દીધી. ઝુહુર નઝદીક હોય કે દૂર પરંતુ લાંબી ગયબતની સચ્ચાઇ બિલ્કુલ સામે છે.

## ગયબતે કુબરાના સમયનો અંતિમ સમયગાળોઃ

જેમ જેમ ગયબતે કુબરા લાંબી થતી જશે અને અંતિમ ઝમાનાની નીશાનીઓ જોવામાં આવશે એટલે કે લોકો મજબુર થઇને કેહવા લાગશે કે ''આ આખરી ઝમાનાની નીશાનીઓ છે'', તો તે સમયની આગાહી છે કે મોઅમીનના માટે એટલો સખ્ત સમય આવશે કે ઇમાન અને યકીન ઉપર બાકી રહેવુ એવુ હશે જાણે કે આગના અંગારાને હથેળી ઉપર રાખીને મુઠ્ઠી બંધ કરી લેવી (એટલે પીડાદાયક બળતી હથેળીની તકલીફ ઉપર ઉફ ન કરવું). વાત ઘણી સામાન્ય છે પરંતુ કાએનાતના અરીસામાં એવી ખબરો અને તસ્વીરો સામે આવી રહી છે, જેનાથી ઇમાન ધરાવનારના રૂંવાટા ભયથી ઉભા થઇ જાય અને તેના માટે સબ્રની તસ્વીર બની રહેવા સિવાય બીજો કોઇ ઉપાય ન હોય. ઉદાહરણ તરીકે ચાંદની સફર અને ૧૭ દિવસનું રોકાણ અને તેનો ખર્ચ અમૂક

અનુસંધાન પાના નં. ૩૦ ઉપર ...

# અદ્લની વ્યવસ્થા અને હઝરત વલીએ અસ્ર (અ.સ.)નો ઝુહૂર

ફિતરી રીતે ઇન્સાન અદ્લો ઇન્સાફને દિલથી ચાહે છે અને ઝુલ્મ તેમજ અન્યાયથી નફરત કરે છે. સંપૂર્ણ અદ્લના ઇન્તેઝારમાં સદીઓ પસાર થઇ ગઇ. લાખો લોકો અદ્લની કુરબાનગાહ પર ભેટ ચઢાવી દેવાયા છે, પરંતુ દુનિયાને સંપૂર્ણ અને ઝીંદગીના દરેક તબક્કાઓમાં અદ્લ નસીબ નથી થયો. આજે પણ દુનિયામાં આતંકવાદને મિટાવવા માટે જે કાર્યો થઇ રહ્યા છે. તે પણ એક આતંકવાદથી ઓછા નથી. તફાવત માત્ર એટલો છે કે એક આતંકવાદ કહેવામાં આવતા આતંકવાદી આગેવાનોની છત્રછાંયામાં કામ કરી રહ્યા છે, અને બીજો આતંકવાદ હુકૂમત અને તે પણ મહાસત્તાઓની હેઠળ કામ કરી રહ્યો છે. હુકૂમતની સરપરસ્તીથી વંચિત આતંકવાદ નાજાએઝ છે અને હુકૂમતની સરપરસ્તી હેઠળ આતંકવાદ જાએઝ છે!! અગર સામાન્ય આતંકવાદી કોઇપણ શખ્સને વગર વાંકે અને બેગુનાહ કત્લ કરે અથવા કૈદ (અપહરણ) કરી લેય તો આ ટેરેરીઝમ છે, આતંકવાદ છે અને અગર હુકૂમત હજારો નિર્દોષ અને બેગુનાહ લોકોને કત્લ કરે તો શાંતિ સ્થાપવા માટેની કોશીશ છે! આ પ્રકારના બેવડા ધોરણે ઝુલ્મ અને અન્યાયમાં વધારો કર્યો છે.

અહીં એક બહુજ મોટુ પ્રશ્નાર્થ ચિન્હ દરેકના દિમાગમાં ઉઠે છે કે શું અદ્લ અને ઇન્સાફની વાત હેતુ વગરની છે? વ્યર્થ છે? અથવા તેના મૂળે મજબુતાઇથી જમીનને પકડેલી હોય છે. નિર્બળ અને કમજોર અગર નિરાશાનો શિકાર છે, તો આ અદ્લનો સવાલ હેતુ વિનાનો છે અને અગર આશાનો ચિરાગ આ ઝડપી અને તેજ સખત આંધીઓમાં પણ મજબુતાઇપૂર્વક મુકાબલો કરી રહ્યો છે, તો અદ્લ અને ઇન્સાફની અવાજ દરેક ઝમાનામાં ઉંચા અવાજે થતી રહેશે. દરેક ઝમાનામાં ઇલાહી સંદેશાઓની પરવા ન કરવાની નાકામયાબ કાશિશ કરવામાં આવી રહી છે. પરંતુ અવિનાશી તાકતોની સામે ઇન્સાનોની છળકપટો ક્યાંથી કામ લાગશે? એટલાજ માટે કુર્આને દિલોમાં જે અદાલતની ચિનગારી રાખી છે તે ક્યારેય બુજાશે નહી.

*"અલ્લાહે મોમીનો અને નેક કામ કરનારાઓથી વાયદો કર્યો છે."*

૧. તેમને ચોક્કસ અને ચોક્કસ ઝમીન પર પોતાના જાનશીન અને ખલીફા બનાવશે, જેવી રીતે તેમની પહેલાના લોકોને જાનશીન બનાવ્યા હતા.

૨. અને તે દીનને હુકૂમત અને કુદરત અતા કરશે જેનાથી તે રાજી અને ખુશનુદ થશે.

૩. અને તેમના ખૌફને શાંતિ અને સુરક્ષામાં બદલી દેશે.

૪. મારી ઇબાદત કરશે અને કોઇને મારો શરીક નહી બનાવે.

૫. અને જે તેનો ઇન્કાર કરે તે ફાસિક છે.

(સુરે નૂર, આયતઃ ૫૫)

અને ખુદાએ આ પણ વાયદો કર્યો છે કે....

"યકીનન જમીનના વારિસ મારા નેક બંદાઓ થશે."

(સુરે અંબીયા, આયતઃ ૧૦૫)

આ પ્રકારના અન્ય વાયદાઓ અલ્લાહે કર્યા છે. અલ્લાહના તમામ વાયદા હઝરત વલીએ અસ્ર(અ.ત.ફ.શ.) ના ઝુહૂર થકી પૂરા થશે. હઝરત ઇમામ મહદી(અ.સ.)ના ઝુહૂરની સાથે જે બાબત તરત જ દિમાગમાં આવે છે, તે છે 'અદ્લો ઇન્સાફની સ્થાપના'

અદ્લો ઇન્સાફની સ્થાપના અને હઝરત ઇમામ મહદી(અ.સ.)નો ઝુહૂર એક બીજાના માટે જરૂરી અને લાઝિમ છે. ચર્ચાને આગળ વધારતા પહેલા એ જોઇએ કે ઇસ્લામમાં અદ્લનું કેટલુ મહત્વ છે?

હઝરત અલી(અ.સ.) ફરમાવે છે કે....

*"અલ અદ્લો અસાસુન બેહી કેવામુલ આલમે"*

*"અદ્લ એ પાયો છે જેના પર દુનિયા કાયમ છે."*

*"અલ અદ્લો કવામુર્રઇય્યતે વ જમાલુલ વોલાતે"*

*"અદ્લના આધારે લોકોનું તૈયાર થવું છે અને અદ્લ વલીઓની ઝીનત છે."*

*"અલ અદ્લો જુન્નતુદ્દુલે"*

*"અદ્લ હુકૂમતોની ઢાલ છે."*

*"અલ અદ્લો યુસ્લેહુલ બરીય્યતે-સલાહુર રઈય્યતિલ્ અદ્લો"*

*''અદ્‌લથી લોકોની સુધારણા થાય છે, અને અદ્‌લમાં લોકોની બેહતરી છે.''*

*''બિલ અદ્‌લે તતઝાઅફુલ બરકાતો''*

*''અદ્‌લ થકી બરકતોમાં વધારો થાય છે.''*

હઝરત રસુલે ખુદા(સ.અ.વ.વ.)એ ફરમાવ્યુ:

*''અદ્‌લો સાઅતીન ખયરૂમ મિન એબાદતે સબ્ઈન સનતન-કેયામુન લયલોહા વ સેયામુન નહારોહા વ જવ્રો સાઅતીન ફી હુકમિન અશદ્દો વ અઅ્ઝમો ઈન્દલ્લાહે મિન મઆસી સિત્તીન સનતન''*

(મીઝાનુલ હિકમહ, બાબો અદ્‌લ)

*''એક કલાક અદ્‌લ અને ઈન્સાફથી વર્તવુ, તે ૭૦ વર્ષની ઈબાદતથી અફઝલ છે, જેમાં રાત્રિઓ ઈબાદતમાં ગુજરી હોય અને દિવસ રોઝામાં. તેમજ એક કલાક ઝુલ્મ અને જોરથી ફેંસલો કરવો, અલ્લાહની નજદીક ૬૦ વર્ષના ગુનાહોથી વધારે અઝીમ અને સખ્ત છે.''*

*''વ બિલ અદ્‌લે કામતિસ્સમાવાતો વલ અર્ઝો''*

*''અદ્‌લની બુનિયાદ ઉપર આસ્માન અને ઝમીન સ્થાપિત છે.''*

હઝરત ઈમામ મુસા કાઝિમ(અ.સ.)એ આ આયત 'યુહ્‌યિલ અર્ઝ બઅ્દ મવ્તેહા' 'ખુદા ઝમીનને તેના મૃત્યુ બાદ જીવંત કરશે'ની તફસીરમાં ફરમાવ્યુ:

*અહીં જીવંત કરવાથી મુરાદ વરસાદથી જીવંત કરવુ નથી પરંતુ અલ્લાહ તઆલા એવા લોકોને મોકલશે જે જમીનને અદ્‌લના થકી જીવંત કરશે. અદ્‌લના જીવંત થવાથી જમીન જીવંત થશે. ઝમીન પર ઈલાહી હદોની સ્થાપના થવી એ ઝમીનના માટે વરસાદના ટીપાઓથી વધારે ફાયદાકારક છે.''*

(કાફી, ભાગ:૭, પાના:૧૭૪)

હઝરત ઈમામ મોહમ્મદ બાકિર(અ.સ.)એ આ આયત.. 'એઅલમૂ અન્નલ્લાહ યુહ્‌યિલ અર્ઝ બઅ્દ મવ્તેહા' ના વિશે ફરમાવ્યુ:

*''ખુદાવંદે આલમ ઝમીનને કાએમ(અ.સ.) થકી જીવંત કરશે, જ્યારે કે તે ઝમીનવાળાઓના કુફ્રના કારણે મુર્દા થઈ ચુકી હશે, અને કાફિર મુર્દા છે.''*

(નુરૂસ્સકલૈન, ભાગ: ૪, પાના:૧૭૩)

આ બાબતોથી અંદાજો થાય છે કે દીને મુકદ્દસે ઈસ્લામમાં અદ્‌લો ઈન્સાફની કેટલી અહમીય્યત છે? દરેક જગ્યાએ અદ્‌લની વાત છે.

**અંબીયાની નિમણુંક કરવાનો બુનીયાદી હેતુ અદ્‌લની સ્થાપના છે.**

*લકદ અરસલ્ના રોસોલના બિલ બય્યેનાતે વ અન્ઝલ્ના મઅહોમુલ કિતાબ વલ મીઝાન લે યકુમન્નાસ બિલ કિસ્તે*

(સુ હદીદ, આયત:૨૫)

*''ચોક્કસ અમે અમારા રસુલોને સ્પષ્ટ દલીલોની સાથે મોકલ્યા અને તેઓની સાથે કિતાબ અને મીઝાન નાઝિલ કર્યુ. જેથી લોકોમાં અદ્‌લ અને ઈન્સાફ કાયમ થાય''*

અલ્લાહે પોતાના પયગમ્બર(સ.અ.વ.વ.)ને ફરમાવ્યુ:

*વ ઓમિરતો લે અઅ્દેલ બય્નકુમ*

(સુ શુરા, આયત:૧૫)

*''મને હુકમ આપવામાં આવ્યો છે કે તમારી વચ્ચે અદ્‌લથી વર્તણુંક કરૂ''*

સામાજિક જીવનમાં એક બીજાને અદ્‌લ અને એહસાનથી વર્તન કરવાનો હુકમ આપવામાં આવ્યો છે.

*ઈન્નલ્લાહ યઅ્મોરો બિલ અદ્‌લે વલ્ એહસાને*

(સુ નહ્‌લ, આયત:૯૦)

*''ખુદાવંદે આલમ હુકમ આપે છે કે એક બીજા સાથે અદ્‌લ અને એહસાન પુર્વક વર્તણુંક કરે''*

જ્યારે વાત કરો ત્યારે પણ અદ્‌લ ઈન્સાફની બુનિયાદ પર વાત કરો:

*વ એઝા ફઅલ્તુમ ફઅ્ઓલુ વ લવ્ કાન ઝા કુર્બા*

(સુ અહ્‌ઝાબ, આયત:૧૫૨)

જ્યારે વાતચીત કરો તો અદ્‌લની બુનિયાદ પર વાત કરો, ભલે પછી તે તમારા રિશ્તેદાર કેમ ન હોય''

ત્યાં સુધી કે અગર કોઈનાથી દુશ્મની કરવાની સ્થિતિ આવે તો દુશ્મનીમાં પણ અદ્‌લો ઈન્સાફની હદોને ઓળંગી ન જાવ

દુશ્મનીમાં પણ લાગણીઓને બેકાબુ ન થવા દો, જોશમાં હોશ ગુમાવી ન દો.

*વલા યજરેમન્નકુમ શનઆનો કવ્મીન અલા અલ્લા તઅ્દેલુ એઅદેલુ હોવ અક્રબો લિત્તકવા*

(સુરએ માએદાહ, આયત:૮)

*''કોઈ કોમની અદાવત અને દુશ્મની એ વાત પર ઉશ્કેરે નહીં કે તમે અદ્‌લો ઈન્સાફથી કામ ન લ્યો. તે સમયે પણ અદ્‌લો ઈન્સાફથી કામ લો. આ તકવાથી ઘણું નઝદિક છે.''*

એહલેબૈત(અ.મુ.સ.)ની તઅલીમાતની રોશનીમાં શીઆએ દરેકપગલે અદ્‌લને શર્ત ગણી છે. મુકદ્દમામાં, ચાંદની સાબિતી માટે, તલાક માટે, વ્યવ્હારમાં,,, દરેક જગ્યાએ ગવાહો તેમજ સાક્ષીઓનું આદિલ હોવુ જરૂરી છે.

રિવાયતના સહીહ હોવામાં રાવી અને નમાઝે જમાઅતના સહીહ હોવા માટે ઇમામે જમાઅતનું, ફેંસલો સહીહ હોવા માટે કાઝીનું,,,,આદિલ હોવુ જરૂરી અને લાઝમી છે.

-જ્યારે શરીરમાં અદ્‌લ અને સમતુલન સ્થાપિત રહે છે તો શરીર તંદુરસ્ત રહે છે.

-જ્યારે સમાજમાં અદ્‌લો ઇન્સાફ જળવાય રહે છે તો ઝુલ્મો ખત્મ થઇ જાય છે અને ન્યાયી વ્યવસ્થા જળવાય છે.

-જ્યારે જમીન ઝુલ્મથી પાક હોય છે ત્યારે આસ્માન અને ઝમીનની બરકતો જાહેર થાય છે.

-જ્યારે અમલમાં અદ્‌લો ઇન્સાફ હોય છે તો કૌમનો દરેક શખ્સ આદિલ હોય છે.

આ તઅલીમાતની રોશનીમાં આપણે બધા એવા ઇમામનો ઇન્તેઝાર કરી રહ્યા છીએ કે જેમનો ઝુહૂર દુનિયામાં દરેક પ્રકારના ઝુલ્મો સિતમ ખત્મ કરી દેશે અને દરેક જગ્યાએ અદ્‌લો ઇન્સાફનો દિદાર હશે.

એ વાત દિમાગમાં રહેવી જોઇએ કે જે લોકો દિવસ રાત આદિલ ઇમામના આવવાનો ઇન્તેઝાર કરી રહ્યા છે. તેમના પોતાના વ્યક્તિગત જીવનમાં પણ અદ્‌લો ઇન્સાફ હોવો જોઇએ. ક્યાંક એવુ ન થાય કે આપણને જ ઝુલ્મ ભર્યુ જીવન જીવવાની એવી આદત પડી જાય કે ઇમામ(અ.સ.)ની આદિલ હુકૂમતને સહન ન કરી શકીએ. ખુદા ન ચાહે કે એમના વિરોધી થઇ જઇએ.

જેવી રીતે હઝરત અલી(અ.સ.)ની મુખાલેફતમાં એ લોકો આગળ આગળ હતા, જે કાલે એમની બયઅત કરવામાં આગળ આગળ હતા. આ વિરોધનું કારણ એ હતુ કે આ લોકો પોતાની ગૈર ઇન્સાફીક જીવન જીવવાની રીત અને ખોટી અપેક્ષાઓના લીધે હઝરત અલી(અ.સ.)ની આદિલ હુકૂમતને સહન ન કરી શક્યા.

હઝરત મહદી(અ.સ.) ઇન્સાફપૂર્વકની હુકૂમતની સ્પષ્ટ અને સંપૂર્ણ તસ્વીરો હઝરતના ઝુહૂર અને તેમની હુકૂમતના સ્થાપિત થવા બાદ જ જાહેર થશે, પરંતુ રિવાયતોમાં જે બાબતો રજૂ કરવામાં આવી છે, તેનાથી અંદાજો આવે છે કે અદાલતનું દ્રષ્ય કેવુ હશે?

**રાજકર્તા અને અન્સારોઃ**

આ હુકૂમતની આગેવાની હઝરત વલીએ અસ્ર(અ.સ.) કરશે, જે મઅસૂમ છે અને તમામ અંબીયા તેમજ અઇમ્મા (અ.મુ.સ.)ની ખાસિયતોનો મજમૂઓ છે.

(સોલાલતુન નબુવ્વત)

આ ઝમાનામાં જ્યારે દરેક જગ્યાએ ગરબડ અને ગોટાળો, લુંટમાર અને બે ઇમાનીનો સમય છે, હઝરતના મદદગાર અને અન્સારોની ખાસિયતો આવી રીતે બયાન કરવામં આવી છે....

આ લોકો સાથે ઇમામ(અ.સ.) નીચેની શર્તો સાથે બયઅત કરશે.

-હરગીઝ ચોરી નહીં કરશે.

-કોઇ મુસલમાનને ગાળ નહી આપશે.

-કોઇનું નાહક ખુન નહી વહાવશે.

-કોઇની આબરૂ નહીં લુંટશે.

-કોઇના ઘર પર હુમલો નહી કરશે.

-જવ અને ઘઉંનો સંગ્રહ નહી કરશે.

-ઓછા પર સંતોષ માનશે.

-નેકી અને પાકીઝગીની તરફદારી કરશે.

-બુરાઇઓ અને ગંદકીથી દૂર રહેશે.

-નેકીઓનો હુક્મ દેશે.

-બુરાઇઓથી દૂર રહેશે.

-જમીન અને માટીને તકીયો બનાવશે.

-ખુદાની રાહમાં જેહાદ કરશે......અને હઝરત (અ.સ.) તેમની સાથે આ કરાર કરશે.

તેમની સાથે રહેશે, તેમના રસ્તાઓ પર ચાલશે, તેમની જેવો લિબાસ પહેરશે., તેમની જેવી સવારી પર સવાર થશે, ઓછા પર રાજી અને સંતુષ્ટ રહેશે, જમીનને અદ્‌લો ઇન્સાફથી એવી રીતે ભરી દેશે જેવી રીતે ઝુલ્મો જોરથી ભરેલી હશે, ખુદાના માર્ગમાં એવી રીતે જેહાદ કરીશુ જેવી રીતે જેહાદ કરવાનો હક છે, પોતાના માટે કોઇ ચોકીદાર કે પહેરેદાર નિમશે નહીં.

(મલાહમ વલ ફેતન, લે. સય્યદ ઇબ્ને તાઉસ, પાના નંઃ ૪૯)

આ શર્તો પરથી એ જાહેર થાય છે કે હઝરતના મદદગારો અને અન્સારો કેટલા અદ્‌લો ઇન્સાફની નજદીક હશે અને ઝુલ્મો સિતમથી દૂર હશે. આ મદદગારો આપણામાંથી હશે, આથી આપણે એમના મદદગારોમાં શામિલ થવા માટે આ સિફતો આપણામાં પૈદા કરવી જોઇએ.

હઝરતના ઝુહૂર પછી સામાજીક અદ્‌લો ઇન્સાફ ઉપરાંત માણસની વિચારધારામાં પણ અદ્‌લો ઇન્સાફ સ્થાપિત થશે.

**પ્રથમ તકરીરઃ**

ઇમામ મોહમ્મદ બાકિર(અ.સ.) ફરમાવે છેઃ

''હઝરત ઇમામ મહદી(અ.સ.) ઇશાના સમયે મક્કામાં ઝુહૂર ફરમાવશે, રસૂલે ખુદા(સ.અ.વ.)નો પરચમ તેમના મુબારક હાથમાં હશે. રસૂલે ખુદા(સ.અ.વ.)નું પહેરણ તેમના શરીર પર હશે. હાથોમાં આં હઝરત(સ.અ.વ.)ની તલવાર હશે. નૂરની નિશાનીઓ સાથે હશે. નમાઝે ઇશા અદા કર્યા પછી આ રીતે તકરીર ફરમાવશે....

'અય લોકો! ખુદા અને કયામત ઉપર યકીન રાખવાવાળાઓ! ઉભા થઇ જાવ. હું તમને યાદ દેવડાવવા ચાહું છું કે, તેણે પોતાની હુજ્જતને ચુંટી કાઢ્યા છે, હું તમને ખુદા રસૂલ, અલ્લાહની કિતાબ ઉપર અમલ, બાતિલથી દૂરી અને સુન્નતને જીવંત કરવા તરફ દાવત આપુ છું.

(મોઅજમે અહાદીસુલ મહદી(અ.સ.), ભાગઃ૩, પાનાઃ૨૯૫)

**ઘરે ઘરે અદ્‌લઃ**

હઝરતના ઝમાનામાં દરેક જગ્યાએ અદ્‌લો ઇન્સાફ હશે, કોઇ ઘર એવું નહી હોય જ્યાં અદ્‌લો ઇન્સાફ નહી હોય.

હઝરત ઇમામ જઅફરે સાદિક(અ.સ.) ફરમાવે છેઃ

***''અમા વલ્લાહે લ યદ્‌ખોલૂન્ન (અલ કાએમો) અલયહિમ અદ્‌લહૂ જવ્ફ બોયૂતેહીમ કમા યદખોલોલ્હુર્રો વલ્ કર્રો''***

(બેહારૂલ અન્વાર, ભાગઃ૫૨, પાનાઃ૪૪૬૨)

***હઝરત ઇમામ મહદી(અ.સ.) એવી રીતે ઘરે ઘરમાં અદ્‌લો ઇન્સાફ સામાન્ય કરી દેશે જેવી રીતે ગરમી અને ઠંડી.***

જ્યારે ગરમી અથવા ઠંડીની સીઝન આવે છે તો આ સીઝન કોઇ ખાસ ઘરથી મખ્સૂસ નથી હોતી, પરંતુ તમામ વાતાવરણ તેનાથી અસરગ્રસ્ત થાય છે. ઘરે ઘરમાં આ ઋતુ હોય છે, બસ આ જ રીતે હઝરતના ઝુહૂર બાદ પૂરી દુનિયામાં અદ્‌લો ઇન્સાફ હશે, કોઇ ઘર એવુ નહી હોય જ્યાં અદ્‌લો ઇન્સાફનો દીદાર ન હોય.

**નમાઝ અને બહાદુરઃ**

હઝરત ઇમામ મહદી(અ.સ.)ના મદદગારો અને અન્સારો ઇસ્લામી તઅલીમાતના જીવતા જાગતા નમૂના હશે.

તેમની પેશાની પર સજદાના નિશાન હશે, દિવસે શુજાઅ અને બહાદુર તેમજ રાત્રીના ઇબાદત ગુઝાર, તેમના દિલ લોખંડની માફક મજબૂત હશે, તે દરેકની તાકત ૪૦ મર્દો જેટલી હશે.

(બેહારૂલ અન્વાર, ભાગઃ૫૨, પાનાઃ૩૮૬)

એક અન્ય રિવાયતમાં છે કે...

હઝરત ઇમામ મહદી(અ.સ.)ના મદદગાર અને અન્સાર દરેક શહેરમાં ફેલાઇ જશે. તે તેમને હુકમ આપશે કે દરેક જગ્યાએ અદ્‌લ અને એહસાનથી વર્તન કરવામાં આવે, તેમને રાજ્યના હાકિમ બનાવશે અને શહેરોને આબાદ કરવાનો હુક્મ દેશે.

(અલ ઇમામ મહદી, લે. દોખૈલ, પાનાઃ૨૭૧)

**આર્થિક અદ્‌લઃ**

દુનિયામાં ઝુલ્મ અને સિતમ અને ફિત્ના તેમજ ફસાદનું એક મહત્વનું કારણ આર્થિક અસંતુલન છે. એક બાજૂ દૌલતની એટલી બધી પુષ્કળતા છે કે જેની હદ કે ગણતરી નથી થઇ શકતી, જ્યારે કે બીજી બાજુ એટલી બધી ગરીબાઇ છે કે કેટલાય ટંકો સુધી ફાકાઓમાં જીવવું પડે છે.

એક તરફ માથાની ઉપર મહેલ છે, તો બીજી તરફ માથુ ઢાંકવા માટે એક ટુકડો ચાદર પણ નથી. ગરીબીએ ન જાણે કેટલાયે ગુનાહો અને બુરાઇઓને જન્મ દીધો છે. કેટલાયે લોકો એવા છે કે જે વધારે પડતુ ખાવાને લીધે જુદી જુદી બિમારીઓનો શિકાર બન્યા છે, તો કેટલાયે લોકો એવા પણ છે કે જેઓ ભૂખના લીધે મૃત્યુ પામે છે. આજની હુકૂમતોમાં જે આર્થિક પોલીસીઓ, નીતી-નિયમો બની રહ્યા છે, તેના લીધે પૈસાદાર વધારે પૈસાદાર અને ગરીબ વધારે ગરીબ થઇ રહ્યો છે. આવા માહોલમાં અદ્‌લની કલ્પના પણ કેવી રીતે શક્ય છે? જે હુકૂમતો પૈસાદાર લોકોની મદદથી અસ્તિત્વમાં આવે તેમનાથી એ અપેક્ષા પણ કેવી રીતે રાખી શકાય કે તે

નાજાએઝ અને સંગ્રહાખોરીથી મેળવેલ દોલતને ગરીબો અને હક્કદારોમાં વહેંચી દેશે.

દૌલતની ગૈર-ઈન્સાફીક વહેંચણી ઝુલ્મ અને સિતમ તથા ફિત્ના અને ફસાદનું કારણ બન્યુ છે.

હઝરત રસૂલે ખુદા(સ.અ.વ.) હઝરત ઈમામ મહદી(અ.સ.)ના ઝુહૂરના સમયને આવી રીતે યાદ કરે છે....

*''ઝમીનમાં અદ્લો ઈન્સાફ સામાન્ય થઈ જશે, આસમાનમાંથી વરસાદ થશે, ઝમીન પોતાની ખેતીને જાહેર કરી દેશે, તેમના ઝમાનામાં મારી ઉમ્મતને એ નેઅમતો નસીબ થશે જે આના પહેલા તેઓએ જોઈ નહીં હોય.''*

(ઈસ્બાતુલ હોદાત, ભાગઃ૩, પાનાઃ૫૨૫)

હઝરત ઈમામ મોહમ્મદ બાકિર(અ.સ.) ફરમાવે છે કે...

*''.....જે સમયે અમારા કાએમ(અ.સ.)નો ઝુહૂર થશે, તેઓ લોકોમાં સમાનતાપૂર્વક માલની વહેંચણી કરશે. તમામ મખ્લૂકાત સાથે અદ્લપૂર્વક માલની વહેંચણી કરશે. તમામ મખ્લૂકાત સાથે અદ્લપૂર્વક વર્તણુંક કરશે. નેકૂકાર અને ગુનેહગારથી ન્યાયપૂર્ણ વર્તન કરશે. જેણે તેમની ઈતાઅત કરી તેણે ખુદાની ઈતાઅત કરી અને જેણે તેમની નાફરમાની કરી તેણે ખુદાની નાફરમાની કરી. દુનિયામાં તમામ માલો-દૌલત તેમની પાસે જમા થઈ જશે. ઝમીન ઉપરની તેમજ ઝમીનની અંદરની દૌલત તેમની પાસે જમાં થઈ જશે. તેઓ લોકોને કહેશેઃ આવો, લઈ લો (આ તે માલ છે) જેના માટે તમે સંબંધોને તોડ્યા, ખુન વહાવ્યું, ગુનાહો કર્યા છે. તેઓ એવી રીતે અતા કરશે કે તે પહેલા કોઈએ એવી રીતે આપ્યુ નહી હોય.''*

(મુન્તખબુલ અસર, પાનાઃ૩૮૩)

અન્ય એક રિવાયતમાં છે કે...

*''હઝરત ઈમામ મહદી(અ.સ.) વરસમાં બે વખત અતા કરશે તેમજ મહિનામાં બે વાર પગાર આપશે. લોકોની સાથે એક સમાન વર્તન કરશે. પરિસ્થિતિ એવી હશે કે સમાજમાં ઝકાત માટે કોઈ હકદાર નહી મળે, ઝકાતવાળાઓ ઝકાત લઈને ફકીરોની પાસે જશે.....તેઓ તેનાથી ઈન્કાર કરશે. તેઓ થેલાઓમાં પૈસા ભરીને શીઆ મહોલ્લાઓમાં ફેરવશે. પરંતુ તે લોકો કહેશે કે અમારે તમારા માલની જરૂરત નથી''*

(ગયબતે નોઅમાની, પાનાઃ૨૩૮)

એક રિવાયત આ મૂજબ છે કે...

*''હઝરત ઈમામ મહદી(અ.સ.)ની ખિદમતમાં એક શખ્સ આવશે અને અરજ કરશે 'અય મહદી(અ.સ.) મને અતા કરો' તેને કહેવામાં આવશે 'તેને એક ચાદર આપી દો, તેમાં જેટલુ લઈ જવું હોય એટલું લઈ જાય.''*

(મુન્તખબુલ અસર, પાનાઃ૩૮૪)

જ્યારે તમામ ચીજોની વિપૂલતા હશે, દરેકની જરૂરત સારી રીતે પૂરી થઈ રહી હશે, કોઈને કોઈની જરૂરત બાકી નહી રહેશે, દરેક તૃપ્ત અને ખુશહાલ હશે, તે સમયે તે તમામ ઝુલ્મો ખત્મ થઈ જશે કે જે આર્થિક પરિસ્થિતી અને ગરીબાઈના લીધે થાય છે.

અગર આપણે એવી સુકુનથી ભરેલી જીંદગી પસાર કરવા ચાહીએ છીએ અને ગરીબાઈને ખત્મ થતા જોવી છે, તો હઝરત ઈમામ મહદી(અ.સ.)ના જલ્દથી જલ્દ ઝુહૂર અને તેમની હુકૂમતને સ્થાપિત થવા માટે વધારેમાં વધારે દુઆ કરીએ.

## ફેંસલામાં અદ્લઃ

ઝુલ્મો સિતમનું એક કારણ ખોટા અને અન્યાયી ફેંસલાઓ છે. આજે દરેક બાજૂ રૂશ્વતની બજાર ગરમ છે. અને અદાલતના વિશે આ વાત મશ્હૂર છે કે અદાલતમાં ફેંસલાઓ બંને સમૂહની દલીલોની બુનિયાદ પર નથી હોતા પરંતુ ન્યાયાધિશો-જજની સાથે સેટીંગ (લેવડ-દેવડ)ની બુનિયાદ પર થાય છે. એ વાત તો એટલી બધી સ્પષ્ટ છે કે સુપ્રિમ કોર્ટે પણ અદાલતોમાં ગેર-ઈન્સાફની વાતને સ્વીકારી રહી છે.

હઝરત ઈમામ મહદી(અ.સ.)ની હુકૂમતની એક ખાસિયત એ હશે કે, આ બારામાં આપણા પહેલા ઈમામ હઝરત અલી ઈબ્ને અબી તાલીબ(અ.સ.) ફરમાવે છે કે....

*''.....તે તમામ બૂરા ન્યાયાધિશોને કાઢી મુકશે, નબળો અભિપ્રાય રાખવાવાળા (હક્કની બુનિયાદ પર ફેંસલો કરવાની તાકત ન રાખવાવાળા)ને એક બાજુ રાખી દેશે. ઝાલિમો જાબિર હાકિમોને હટાવી દેશે. ઝમીનને દરેક ધોખાબાઝોથી પાક કરી દેશે. અદ્લથી કામ લેશે અને તમો લોકોની વચ્ચે ચોક્કસ અદ્લ કાયમ કરશે.''*

(બેહારૂલ અન્વાર, ભાગઃ૫૧, પાનાઃ૧૨૦)

હઝરત ઈમામ જઅફરે સાદિક(અ.સ.) ઈરશાદ ફરમાવે

છે કે...

*''જ્યારે કાએમે આલે મોહમ્મદ(અ.સ.)નો ઝુહૂર થશે તે ખાનએ કાબાની પાછળથી ૧૭ શખ્સોને બહાર લાવશે, પાંચ જનાબે મૂસા(અ.સ.)ની કૌમમાંથી હશે, આ લોકો હક્કની બુનિયાદ પર ફેંસલા કરશે.''*

(ઈસ્બાતુલ હોદાત, ભાગઃ૩, પાનાઃ૫૫૦)

*અબૂ બસીરે પુછ્યુંઃ શું તેમના સિવાય બીજા કોઈ લોકો ખાનએ કાબાની પુશ્ત પર નહી હોય?*

*ફરમાવ્યુંઃ હાં! અન્ય મોઅમીનો પણ છે, પરંતુ એ ફકીહોનો સમૂહ છે. આ ચૂંટાએલી વ્યક્તિઓ હાકીમો હશે. હઝરત તેમના ચહેરા પર, તેમની પીઠ પર અને તેમના માથાઓ પર હાથ ફેરવશે. ત્યાર પછી તેમના માટે કોઈ પણ ફેંસલો મુશ્કેલ નહી હોય.''*

(અલ મલાહમ વલ ફેતન, પાનાઃ૨૦૨)

### એક ઉદાહરણરૂપ ફેંસલોઃ

હઝરત ઈમામ મહદી(અ.સ.)ની હુકૂમતના ન્યાયપૂર્વકના ફેંસલાઓ તો તેમની હુકૂમતમાં જાહેર થશે, પરંતુ અહીં તેમના બુઝુર્ગ અને મહાન જદ્દ અમીરૂલ મોઅમેનીન હઝરત અલી(અ.સ.)ની ન્યાયીક હુકૂમતનો એક ફેંસલો વર્ણવીએ છીએ.

એક દીવસ અમીરૂલ મોઅમેનીન હઝરત અલી (અ.સ.)એ પોતાના લશકરના એક સિપાહી નજ્જાશી યમની ઉપર હદ જારી કરી. યમની લોકો આ ફેંસલાથી ખૂબજ નારાઝ થયા. તેઓએ તારીક બિન અબ્દુલ્લાહને હઝરત અલી(અ.સ.)ની ખિદમતમાં મોકલ્યો. તારીકે કહ્યુઃ અય અમીરૂલ મોઅમેનીન (અ.સ.)! અમને એ વાતની અપેક્ષા ન હતી કે તમે ફરમાંબરદાર અને નાફરમાનને, એક અને જુદા જુદા, છુટા-છવાયા, વિખરાએલા લોકોને ફેંસલામાં એક જેવા ગણશો.

આપે નજ્જાશી સાથે જે કર્યુ છે, તેનાથી અમારા દિલોમાં નફરત અને દુશ્મનીની આગ ભડકી ઉઠી છે. આપે અમારા કાર્યોને વેર-વિખેર કરી દીધા અને એ રસ્તા ઉપર ઉભા કરી દીધા છે કે જેના વિશે તસવ્વુર એ છે કે અગર અમે એ રસ્તા પર ચાલીએ તો તેનું પરિણામ જહન્નમ છે.

હઝરત અલી(અ.સ.)એ કુર્આને મજીદની આ આયત પઢીઃ

*''વ ઈન્નહા લ કબીરતુન ઈલ્લા અલલ્ ખાશેઈન્''*

*''આ કામ બહુજ ભારે છે પરંતુ ખુદાની રાહમાં ખુઝૂઅ અને ખુશૂઅ કરવાવાળાઓ માટે આસાન છે.''*

અય તારિક! શું તે એક મુસલમાન નથી? તેણે ખુદાની હુરમતને પામાલ કરી છે અને તેનો જે કફફારો હતો, તે હદ જારી કરી છે.

ખુદાવંદે આલમ ફરમાવે છેઃ

*''વલા યજ્રેમન્નકુમ શન્આનો કવ્મિન અન્ લા તઅ્દેલૂ એઅ્દેલૂ હોવ અક્રબો લિત્તકવા''*

*''જૂઓ કોઈ કૌમની દુશ્મની તમને એ વાત પર તૈયાર ન કરે કે તમે અદ્લથી કામ ન લ્યો. અદ્લથી કામ લ્યો, કેમકે તે તકવાથી વધારે નઝદિક છે.''*

(સુરએ માએદહ, આયતઃ૮)

જ્યારે રાત પડી તો તારિક અને નજ્જાશી મોઆવીયાની તરફ ચાલ્યા ગયા, જેથી હઝરત અલી(અ.સ.)ના અદ્લ અને ઈન્સાફનો સામનો કરવો ન પડે.

(મજલએ ઈન્તેઝાર, ભાગઃ૧૪, પાનાઃ૮૨)

પરંતુ શું આ ભાગીજવુ તેમને ખુદાની અદાલતથી સુરક્ષિત રાખી શકાશે? હરગીઝ નહી...

જ્યારે અદાલતની બુનિયાદ પર ફેંસલા થશે અને જરા પણ પક્ષપાત કે તરફદારી થશે નહીં. તો ગુનેહગાર લોકો ખુદ પોતે પોતાને સુધારવાનો રસ્તો બનાવશે. આ રીતે સામાજીક અદાલતના માટે વધારે જમીન તૈયાર થઈ જશે અને અદ્લ તેમજ ઈન્સાફ સામાન્ય થઈ જશે.

### ઈલ્મી તરક્કીઃ

દુનિયામાં જુલ્મો જોરનું એક કારણ જેહાલત છે. ચોક્કસ આજની દુનિયાએ સાયન્સ અને બીજા ક્ષેત્રોમાં ઘણી બધી તરક્કી કરી લીધી છે. ઈલ્મી તરક્કીના આશ્ચર્યજનક પરિણામો સામે આવે છે. પરંતુ ઈન્સાન જેટલો વધારે બહારની દુનિયાથી જાણકાર થતો જાય છે, તેટલોજ પોતાની અંદરની દુનિયાથી અજાણ રહે છે. દુનિયાની ઓળખ તરક્કી પર છે અને પોતાની ઓળખ (ખુદશનાસી) અધોગતિ તરફ છે. આ જ કારણ છે કે સાયન્સની તરક્કી ઈન્સાનને અમ્નો અમાન અને અદ્લો ઈન્સાફ ન દઈ શકી. સાયન્સની તરક્કી જેટલી વધારે થતી જાય છે, તેટલી જ વધારે દુનિયા તબાહીની નજદીક જઈ રહી છે.

હઝરત ઈમામ મહદી(અ.સ.)ના ઝુહૂરના બાદ ઈલ્મની

તરક્કી એવા તબક્કે પહોંચેલી હશે, જેની આજે કોઇ કલ્પના પણ નથી કરી શકતા.

હઝરત ઇમામ જઅફરે સાદિક(અ.સ.)ફરમાવે છેઃ

*''ઇલ્મના ૨૭ હિસ્સા છે. આજ સુધી ઇન્સાનને ફક્ત ૨ હિસ્સા આપવામાં આવ્યા છે. જે સમયે ઇમામે ઝમાન(અ.સ.)નો ઝુહૂર થશે તો તેમાં ૨૫ હિસ્સાનો વધારો કરી દેવામાં આવશે, અને લોકોમાં ફેલાવી દેવામાં આવશે.''*

(બેહારૂલ અન્વાર, ભાગઃ૫૨, પાનાઃ૩૩૬)

હઝરત ઇમામ મોહમ્મદ બાકિર(અ.સ.)થી રિવાયત છેઃ

*''જ્યારે અમારા કાએમ(અ.સ.)નો ઝુહૂર થશે, અલ્લાહ બંદાઓની અક્લો સંપૂર્ણ કરી દેશે અને તેમના અખ્લાક સંપૂર્ણ કરી દેશે.''*

(મુન્તખબુલ અસર, પાનાઃ૬૦૭)

હઝરત ઇમામ જઅફરે સાદિક(અ.સ.)ફરમાવ્યુઃ

*''જ્યારે અમારા કાએમ (અ.સ.)નો ઝુહૂર થશે ખુદાવંદે આલમ અમારા શિઆઓની સાંભળવાની અને જોવાની શક્તિને એટલી બધી તેજ કરી દેશે કે તેમના અને કાએમ(અ.સ.)ની દરમિયાન કોઇ પૈગામ પહોંચાડવાવાળો નહી હોય. હઝરત પોતાની જગ્યાએ હશે અને બધા તેમને જોશે.''*

(મુન્તખબુલ અસર, પાનાઃ૬૦૭)

આજની દુનિયા ટેલીવીઝનની મદદથી દુનિયાને જુએ છે. હઝરતના ઝુહૂર બાદ જોવા માટે કોઇ સાધન કે વસીલાની જરૂરત નહી હશે. આંખો અને કાનોમાં એટલી બધી તાકાત હશે કે દુનિયાને દરેક ખુણામાંથી હઝરતના દિદાર કરશે અને તેમની વાતચિત સાંભળશે. આ પ્રકારનો દિદાર ફક્ત હઝરતથી મખ્સૂસ નહી હશે. જેથી આ કહી શકાય કે હઝરતના ચહેરએ અન્વરની ખાસિયત છે. જોવાની શક્તિ અને સાંભળવાની શક્તિની અસર નથી.

હઝરત ઇમામ જઅફરે સાદિક(અ.સ.)ફરમાવે છેઃ

*''કાએમ(અ.સ.)ના ઝમાનાની હાલત એ હશે કે પૂર્વમાં રહેવાવાળો પશ્ચિમમાં રહેવાવાળા ભાઇના દીદાર કરશે, એવી રીતે પશ્ચિમમાં રહેવાવાળો ભાઇ પૂર્વમાં રહેવાવાળા ભાઇના દીદાર કરશે.''*

(મુન્તખબુલ અસર, પાનાઃ૬૦૭)

*''જ્યારે કાએમે આલે મોહમ્મદ(અ.સ.)નો ઝુહૂર થશે તો તેઓ દરેક ઇલાકામાં પોતાના પ્રતિનિધિને મોકલશે અને તેમને કહેશે કે તમારા એહકામ હાથમાં છે. જ્યારે કોઇ એવી બાબત સામે આવે જેને તમે ન જાણતા હો તો પોતાની હથેળી પર નજર કરજો, જે દેખાય તેના ઉપર અમલ કરજો.''*

(ગયબતે નોઅમાની, પાનાઃ૩૧૯)

ઇલ્મ એટલુ બધુ તરક્કી કરી જશે કે પ્રશ્નોનો ઉકેલ હાથની હથેળી પર જાહેર થશે.

હઝરત અલી ઇબ્ને અબી તાલિબ(અ.સ.)એ ફરમાવ્યુઃ

*''જ્યારે અમારા કાએમ(અ.સ.)ના ઝુહૂરનો ઝમાનો આવશે ત્યારે લોકોના દિલો કીના (બુગ્ઝ-નફરત)થી પાક થઇ જશે.''*

(બેહારૂલ અન્વાર, ભાગઃ૧૦૪, પાનાઃ૧૦)

જરાક વિચારો તો ખરા કે જ્યારે ફક્ત બે હિસ્સાની તરક્કીની આ હાલત છે કે અક્કલ હૈરાન છે, તો પછી જ્યારે એમા પચ્ચીશ હિસ્સાનો વધારો થઇ જશે તો તે સમયે ઇલ્મી તરક્કીની પરિસ્થિતિ કેવી હશે!!

કારણકે ઇલ્મ દરેક નેકીનું મૂળ છે અને જેહાલત દરેક બૂરાઇની જડ છે. જેટલુ ઇલ્મ વધશે તેટલી જેહાલત ઓછી થશે અને જેટલી બૂરાઇઓ ઓછી થશે તેટલો ઝુલ્મો સિતમ ઓછો થશે અને તેટલો જ અમ્નો અમાનમાં વધારો થશે.

**અમ્નો અમાનવાળી દુનિયાઃ**

જ્યારે ઝુલ્મો સિતમના તમામ કારણો ખત્મ થઇ જશે ફિત્ના અને ફસાદના સ્ત્રોતો (ઝરણાઓ) સુકાઇ જશે. કત્લો ગારત અને લુંટમારના મૂળો કપાઇ જશે. તે સમયે દુનિયામાં ચારે તરફ અમ્નો અમાન હશે.

હઝરત ઇમામ મોહમ્મદ બાકિર(અ.સ.)થી રિવાયત છેઃ

*''(તે ઝમાનામાં) એક બુઢી ઔરત પૂર્વથી પશ્ચિમ સુધી સફર કરશે અને તેને કોઇ પરેશાન નહી કરે''*

(મુન્તખબુલ અસર, પાનાઃ૩૭૯)

હઝરત રસૂલે ખુદા(સ.અ.વ.)એ ફરમાવ્યુઃ

*''કાએમ(અ.સ.)ના ઝમાનામાં નેઅમતો પુષ્કળ હશે વરસાદના લીધે ખેતીઓ લીલીછમ હશે. લોકોના દિલો કીનાઓથી પાક સાફ હશે. જંગલી જાનવરો પાળેલા થઇ જશે. એક ઔરત ઇરાક અને શામની વચ્ચે સફર*

**અનુસંધાન પાના નં. ૨૨ ઉપર ...**

# અલ અબ્કરીયુલ હેસાન

અલ મુન્તઝરના ખાસ અંકોમાં ઇમામે ઝમાના(અ.સ.)ને સંબંધિત કિતાબોનો પરિચય થતો રહે છે અને આ અંકમાં ઉમદા અને કિંમતી કિતાબ ''અલ અબ્કરીયુલ હેસાનો ફી અહ્વાલે મવ્લાના સાહેબીઝ્ઝમાન (અ.ત.ફ.શ.)''નો ટુંકમાં પરિચય રજુ કરીએ છીએ.

**સંકલનકર્તાઃ**

આ કિતાબના લેખક હઝરત શૈખુલ ફોકહા વલ મોહદ્દેસીન આયતુલ્લાહ મરહૂમ હાજી શૈખ અલી અકબર નેહાવંદી છે. આપ હિ.સ. ૧૨૮૦માં પૈદા થયા અને તે સમયના શ્રેષ્ઠ ઓલમાં જેમકે મુલ્લા લુત્ફુલ્લાહ માઝન્દરાની, મીર્ઝા હબીબુલ્લાહ રીશ્તી શરીઅત ઇસ્ફહાની, મરહૂમ મામકાની અને હાજી નૂરી મુસ્તદ્રકુલ વસાએલના લેખકના શાગીર્દ હોવાનો શરફ હાસિલ કર્યો.

આપ પાકીઝગી અને તકવા માટે ખૂબ જ મશ્હૂર હતા. અને ઝોહદ તથા પરહેઝગારીમાં તે ઝમાનામાં બેનમૂન અને અદ્વિતીય હતા. આથી જ ઘણા બધા ઓલમા અને મુબલ્લેગીન (દીનનો પ્રચાર કરનારાઓ) આપની પાસેથી રિવાયતની મંજૂરી મેળવતા રહેતા હતા.

આપ જામેઅ મસ્જીદ ગૌહરશાદમાં નમાઝે જમાઅત પઢાવતા હતા. આપની નમાઝ સૌથી વધારે લાંબી રહેતી. એ છતા પણ આપની પાછળ પુષ્કળ સંખ્યામાં લોકો નમાઝ પઢતા હતા અને સંખ્યા તથા સ્થિતિની દ્રષ્ટિએ આ જમાતની ગણતરી ખુરાસાનમાં પ્રથમ દરજ્જા પર આવતી હતી.

આપ ઇબાદત અને ખુઝૂઅ તેમજ ખુશૂઅમાં અદ્વિતીય અને અજોડ હતા અને આખરે ૧૯ રબીઉલ અવ્વલ હિ.સ. ૧૩૬૯માં આ નાશવંત દુનિયાને છોડી ગયા. હઝરત ઇમામ અલી રેઝા(અ.સ.)ના પગ તરફ હરમના દર્બમાં દફ્ન થયા.

**સંકલનોઃ**

એહલેબૈતના ઉલૂમથી માલામાલ હતા. જ્યાં ઇબાદત, તકવા અને પરહેઝગારીની મંઝિલ પર ઉચ્ચ મકામ પર હતા, ત્યાં ઇલ્મી કોશીશોમાં પણ આપનો કોઇ જવાબ ન હતો. જુદા જુદા વિષયો પર કિતાબોનું લેખન અને સંકલન કર્યુ. એમાંથી આ કિતાબો આજે પણ મૌજૂદ છે.

૧. ખઝીનતુલ જવાહેર ૨. ગુલઝારે અકબરી ૩. વસાએલુલ અબીદ ૪. રાહતુર્ રૂહ ૫. જવાહેરૂલ કલેમાત ૬. અન્વારૂલ મવાહીબ ૭. અન્હારૂન્ નવાએબ ૮. અલ ફવાએદુલ કુફીયતાહ્ ૯. રસનહતુલ નેદા ૧૦. તૂરે સીના ૧૧. અનાવીનુલ્ લુમ્આત ૧૨. લુમ્આતુલ અન્વાર ૧૩. મોફર્રેહુલ કોલૂબ ૧૪. અલ બુન્યાનુર રફીઅ ૧૫. અલ જન્નતુલ આલીયા ૧૬. જન્નતાને મુદ્હામ્મતાન ૧૭. અલ યાકૂતુલ અહ્મર

કેવી રીતે અમુક લોકોએ ઇમામે ઝમાના(અ.ત.ફ.શ.)થી મુલાકાતનો શરફ હાસિલ કર્યો?

ગયબતે કુબરાના સમયમાં ઘણા બધા લોકોએ હઝરત વલીએ અસ્ર(અ.સ.)ની ઝિયારતનો શરફ હાસિલ કર્યો છે. અને ખુદાની આ ઇનાયત અને મોહબ્બતથી ભાગ્યશાળી થયા છે.

મુલાકાતના બનાવો એટલા વિપૂળ પ્રમાણમાં મળે છે કે સાબિતીની જરૂર નથી. પરંતુ એક મુદ્દો જે ચર્ચા અને સંશોધન માંગી લે છે તે એ છે કે એ લોકોએ કેવી રીતે આ મહાન ફૈઝને હાસિલ કરવાની કાબેલીયત મેળવી?

શું તેમના તકવા, પરહેઝગારી અને નેક આમાલના કારણે આ લાયકાત મળી? અથવા શું તેમના ઇલ્મી અને રૂહાની દરજ્જાત બુલંદ હતા, એટલે હઝરત(અ.ત.ફ.શ.)ની ઝિયારતમાં કામિયાબ થયા અથવા ફક્ત હઝરત (અ.ત.ફ.શ.)ના લુત્ફ અને મહેરબાનીના લીધે તેઓ ઝિયારતથી મુશર્રફ થયા?

ઘણી બધી મશ્હૂર અને મઅ્રૂફ હદીસો જે હઝરત બકીય્યતુલ્લાહ અર્વાહોના ફીદાહની તરફથી તે હઝરતના ચોથા નાએબે ખાસ શૈખ અલી બિન મોહમ્મદ સય્મૂરી (ર.અ.)ની પાસે પહોંચી છે, તેના પર વિચાર કરવામાં આવે તો હકીકત માલૂમ થાય છે.

''અલા ફ મનીદઅલ મુશાહદા કબ્લ ખોરૂજીસ્સુફયાની વસ્સયૂહતે ફ હોવ કાઝેબુન મુફતરે.....''

''જાણી લ્યો જે કોઇ સુફીયાનીના ખુરૂજ અને આસ્માની અવાજના પહેલા હઝરતના જોવાનો દાવો કરે તે જુઠ્ઠો અને તોહમત લગાવનાર છે.''

આ હદીસથી સાફ જાહેર થાય છે કે બાબીય્યતને (ઇરાનમાં આવેલ એક ફીરકો સંપ્રદાય) અને તે હઝરત (અ.સ.) સાથે સ્વૈચ્છીક સંપર્કને રદીયો આપવામાં આવ્યો છે. આથી ગયબતે કુબરામાં કોઇ પણ શખ્સ કોઇપણ કારણથી અને કોઇ પણ તરીકાથી આ દાવો નથી કરી શકતો કે ફલાણું કામ હઝરતની ઝિયારત અને મુલાકાતનું કારણ છે કારણકે જો આવું હોય તો દરેક વ્યક્તિ આ કામને બજાવી લાવશે અને હઝરતની ઝિયારત કરશે અને આ એક પ્રકારની બાબીયત છે.

બીજી તરફ અગર આપણે જુદા-જુદા કિસ્સાઓ અને મુલાકાતના બનાવો પર વિચાર કરીએ તો એ વાત સ્પષ્ટ થઇને સામે આવે છે કે મુલાકાતીઓ, મુશર્રફીનમાં ક્યારેક બુઝુર્ગ અને મશ્હૂર ઓલમાં દેખાય છે તો ક્યારેક નેક અને મુત્તકી લોકો દેખાય છે અને ક્યારેક મામૂલી અને સામાન્ય માણસો તેમજ તેઓમાંથી અમૂક એહલેસુન્નત અને અમૂક કાફિર પણ નજરે પડે છે. આ કારણે અને તેઓ લોકોની હાલતો અને રૂહાનિય્યત અને માનસિકતા જુદી જુદી હોવાના કારણે માલુમ થાય છે કે તે હઝરત(અ.સ.)થી મુલાકાતનો શરફ હાસિલ કરવાવાળાઓનો કોઇ ખાસ વર્ગ અથવા સમૂહ હતો નહી અને ન છે. પરંતુ હઝરત ખાસ અને સામાન્યને પોતાની ઇનાયત અને બરકતોથી નવાઝે છે. મખ્લુક અને તેના બંદા પર ખલીફા હોવાની હૈસીયતથી હઝરતે હુજ્જતે ખુદા(અ.સ.)ની તરફથી અને મસલેહતથી આ શરફ જારી થાય છે.

### અલ અબ્કરીયુલ હેસાનઃ

આ કિતાબ જેનો પરિચય રજૂકરી રહ્યા છીએ, તેમાં એવા જ ખુશનસીબ લોકોની હિકાયત વર્ણવવામાં આવી રહી છે જેમના નસીબમાં ઇમામ મહદી(અ.સ.)ની ખાસ બરકતો અને ઇનાયતો પહોંચી અને તેઓ ગૌરવશાળી બની ગયા.

કિતાબ અલ અબ્કરીયુલ હેસાનની જે કોપી અમારી પાસે મૌજૂદ છે તે બે ભાગની બનેલ છે. જેનું પ્રકાશન તથા વેચાણ દબીસ્તાને તેહરાનનું છે.

### પાંચ હિસ્સાઃ

કિતાબ અલ અબ્કરીયુલ હેસાન બે ભાગ છે અને પાંચ હિસ્સાઓની બનેલી છે.

પ્રથમ ભાગમાં ત્રણ હિસ્સા અને બીજી ભાગમાં બે હિસ્સા છે. ઇમામે ઝમાના(અ.સ.)ની વિલાદતથી લઇને ગયબતે સુગરા તેમજ ગયબતે કુબરામાં મુલાકાત કરવાવાળાઓની દાસ્તાનો વર્ણવવામાં આવી છે.

### સનદોઃ

કિતાબની ખૂબી એ છે કે દરેક હિકાયતની શરૂઆતમાં સંકલનકર્તાએ સનદો લખી છે. ઓલમાં અને સંશોધનકર્તાઓ માટે આ સનદો ખૂબજ મહત્વ ધરાવે છે. અલબત્ત અમુક સનદો લાંબી છે.

### કિતાબનું વિભાજનઃ

જેવી રીતે અમે બયાન કર્યુ કે આ કિતાબ પાંચ હિસ્સાઓની બનેલી છે, પરંતુ અમે અહીં તરતીબ અને તફસીલથી હટીને વિષયોનું વર્ગીકરણ કરી રહ્યા છીએ જે નીચે પ્રમાણે છે.

### પ્રથમ હિસ્સોઃ

આ હિસ્સામાં એવા મુલાકાતીઓના બનાવો છે કે જેમાં મુલાકાતના મૌકા ઉપર તે લોકોએ ઇમામે ઝમાના(અ.સ.)ને ઓળખી લીધા. આ હિસ્સામાં એવી મુલાકાતીઓના બનાવો પણ છે કે જેમાં મુલાકાતના સમયે ઇમામે ઝમાના(અ.સ.)ને ઓળખ્યા નહી, પણ પછીથી હાલાતોની પહેલાની અને પછીની પરિસ્થિતિની તરફ ધ્યાન કર્યુ તો સમજાણું કે ઇમામે અસ્ર (અ.સ.)થી મુલાકાત કરી છે અને અમુક એવી હિકાયતો છે કે જેમાં ખબર ન પડી કે હઝરતને ઓળખ્યા કે ન ઓળખ્યા.

### બીજો હિસ્સોઃ

આ હિસ્સામાં મુશાહેદાત મુકાશેફાતનું વર્ણન થયુ છે- મુકાશેફા એટલે સ્વપ્ન અને બેદારીની વચ્ચેની હાલત. મુકાશેફામાં ઇન્સાન તે ચીજોને જુએ છે જે જાહેરી જ્ઞાનેન્દ્રીયોથી સંબંધ ન રાખતી હોય. પરંતુ તેના રૂહાની અને મઅનવી સમજણ તરફ પલટે.

સ્વપ્નમાં ઇન્સાનનું સાંભળવુ અને જોવુ એ જાહેરી

આંખોથી નથી હોતુ, જ્યારે કે મુકાશેફામાં રૂહ હકીકતોને સમજવામાં મશગૂલ હોય છે, અને તે સમયે જાહેરી કાન આજુ-બાજુના અવાજોને સાંભળે છે.

### ત્રીજો હિસ્સોઃ

આ હિસ્સામાં ખ્વાબમાં ઇમામ(અ.સ.)ની ઝિયારતથી મુશર્રફ થવાવાળા લોકોનો ઉલ્લેખ છે. આ સાચા સ્વપ્ન છે.

### ચોથો હિસ્સોઃ

આ હિસ્સામાં ઇમામે અસ્ર(અ.સ.)ની તજલ્લીઓનું વર્ણન થયુ છે, એટલેકે મુલાકાત કરવાવાળાઓ પર નૂર અથવા અવાજ અથવા હઝરત વલીએ અસ્ર(અ.સ.)ની ખુશ્બુ સાથે હાંસિલ કરી છે.

### પાંચમો હિસ્સોઃ

આ હિસ્સામાં એવા લોકોનો ઉલ્લેખ છે જેઓએ હઝરત ઇમામે અસ્ર(અ.સ.)થી તવસ્સુલ કર્યુ અને યોગ્ય પરિણામ હાસિલ કર્યુ હોય.

### તવસ્સુલઃ

આ વર્ગીકરણથી એ બાબત સામે આવે છે કે ગયબતે કુબરામાં આપણે ઇમામે ઝમાના(અ.સ.)થી મુલાકાત કરીએ કે ન કરીએ, તેમની જાહેરી ઝિયારતનો શરફ મળે કે ન મળે, ખ્વાબ અને મુકાશેફામાં ઇમામ(અ.સ.)ને મળીએ કે ન મળીએ, પરંતુ તે હઝરત(અ.સ.)થી તવસ્સુલના થકી યોગ્ય પરિણામો અને આપણી મુશ્કેલીઓનો ઉકેલ મેળવી શકીએ છીએ. એટલા માટે દરેક શીઆની જવાબદારી છે કે સતત તવસ્સુલ કરતો રહે અને તેમના ઝુહૂર માટે દોઆ કરતો રહે.

### હઝરત વલીએ અસ્ર(અ.સ.)ની બરકતોઃ

અહીં અમૂક વાકેઆત વર્ણવી રહ્યા છીએ. જેમાં ખુશનસીબ અને દીદારના ઇચ્છુક લોકોને ઇમામે ઝમાના(અ.સ.)એ પોતાના ચમકતા કપાળ અને સૌંદર્ય મુબારકની ઝિયારતનો શરફ અતા કર્યો.

### મોહમ્મદ બિન અલી રવ્વાદ અને ઇબ્ને જઅફર દહ્હાનની મૂલાકાતઃ

મોહમ્મદ બિન અલી રવ્વાદ રવાસી કહે છે કે, એક દિવસ માહે રજબમાં મોહમ્મદ બિન જઅફર દહ્હાનની સાથે મસ્જીદે સહલાની તરફ ચાલ્યા. મોહમ્મદે મને કહ્યું કે મને મસ્જીદે સાઅસાઅ લઇ જાવ. (અમીરૂલ મોઅમેનીન(અ.સ.) અને અઇમ્મએ અત્હાર(અ.મુ.સ.)એ આ મસ્જીદમાં નમાઝ અદા કરી છે, અને પોતાના કદમ મુબારકથી આ જગ્યાને શરફ અતા કર્યો છે. એટલા માટે આ મસ્જીદ ખૂબજ બરકતવાળી છે.) અમે તે મસ્જીદની તરફ ગયા. ત્યાં અમે નમાઝની હાલતમાં જોયુ કે એક આદમી ઉંટ ઉપર સવાર થઇને આવી રહ્યો છે. તે પોતાના ઉંટ ઉપરથી ઉતર્યા અને એક છાંયામાં પોતાના ઉંટને બાંધી દીધો, અને મસ્જીદમાં દાખલ થયા અને બે રકાત નમાઝ પઢી, અને નમાઝ લાંબી હતી. તેના પછી પોતાના હાથોને ઉંચા કર્યા અને કહ્યું. ‘‘અલ્લાહુમ્મ યા ઝલ મેનનીસ્સાબેગાહ........ દુઆના અંત સુધી (આ દુઆ દુઆઓની કિતાબમાં માહે રજબના અઅમાલ અને મસ્જીદે સાઅસાઅના આમાલમાં વર્ણવાએલી છે. મફાતીહુલ જીનાનમાં પણ મૌજૂદ છે.) પછી તે ઉભા થયા અને પોતાના ઉંટની પાસે ગયા અને તેના પર સવાર થઇ ગયા. મોહમ્મદ બિન જઅફર દહ્હાને મને કહ્યુંઃ શું આપણે તેમને સવાલ ન કરીએ કે તેઓ કોણ છે? મેં તેમની વાતને માની અને ઉભો થયો અને તેમની પાસે જઇને કહ્યું કે ‘આપને અલ્લાહની કસમ આપીએ છીએ કે અમને જણાવો કે આપ કોણ છો?’ તેમણે ફરમાવ્યુંઃ તમને ખુદાની કસમ આપુ છુ કે તમે વિચારો કે હું કોણ છુ? ઇબ્ને જઅફરે દહ્હાને કહ્યું કે ‘હું સમજુ છું કે આપ ખિઝ્ર(અ.સ.) છો.’ તે શખ્સે મને કહ્યું કે ‘શું તુ પણ એમજ સમજો છો કે હું ખિઝ્ર(અ.સ.) છું?’ મેં કહ્યુંઃ હું પણ વિચારી રહ્યો છું કે તમે ખિઝ્ર(અ.સ.) છો. આપ(અ.સ.)એ ફરમાવ્યુઃ ‘ખુદાની કસમ! હું એ છું કે ખિઝ્ર(અ.સ.) જેના દીદારના મોહતાજ છે. તમે પાછા ફરો, હું તમારા ઇમામે ઝમાના(અ.સ.) છું’

(અલ અબકરીયુલ હેસાન, ભાગઃ૨, પાનાઃ૬૦, ૨૮મીં લાઇન)

### પરગના હિન્દુસ્તાનમાંઃ

મરહૂમ આકા સૈયદ અલી તબરેઝી દામાદ વર્ણવે છે કે અમુક દિવસો હું હિન્દુસ્તાનના પરગનામાં રોકાણો હતો. એક દિવસ પોતાના ઘરમાં બેઠો હતો કે અચાનક એક પ્રભાવશાળી ઔરત મારા કમરામાં દાખલ થઇ, અને કોઇપણ જાતની પ્રસ્તાવના વગર પોતાની ચાદરને હટાવી દીધી અને પોતાનો ચેહરો મને બતાવ્યો. મેં જોયુ કે એક યુવાન ઔરત, ખુબસૂરત

પરંતુ ખૂબજ કમઝોર અને અશક્ત છે.

તે ઔરતે કહ્યું કે મારી કમઝોરીનું કારણ એ છે કે હું એક જીનના પંજામાં ફસાઇ ગઇ છું. તેણે મારી આવી હાલત બનાવી દીધી છે. તેનાથી છુટકારા માટે મારી પાસે કોઇ પણ રસ્તો નથી સિવાય કે હું આપની સમક્ષ રજુ થાવ. કારણકે આપ એક સૈયદ અને પયગમ્બર(સ.અ.વ.)ના ખાનદાનમાંથી છો. એની વાત પૂરી થયા બાદ મેં તેને કહ્યુંઃ જ્યારે પણ તે જીન જાહેર થાય તું આયતુલ કુરસીની તિલાવત કરજે. તે તારી પાસેથી ભાગી જશે. તેણે કહ્યું કે 'હું આયતુલ કુરસી નથી જાણતી' અમૂક દિવસો તકલીફ ઉપાડીને તેને આયતુલ કુરસી યાદ કરાવી. અમૂક દિવસો પછી તે આવી અને શુક્રિયા અદા કર્યો કે આ આયતે મુબારેકાની બરકતથી જ્યારે પણ તે જાહેર થતો તો હું પઢતી અને તેના નુકસાનથી મેહફૂઝ થઇ જતી.

સૈયદ અલી ફરમાવે છે કે અમૂક દિવસો આ રીતે પસાર થઇ ગયા,એક દિવસ મેં જોયુ કે દેડકાની જેવી એક કાળા રંગની વસ્તુ મારા રૂમની છત ઉપર ચોંટેલી છે, અને ધીમે ધીમે નીચે આવી રહી છે અને જેમ જેમ નીચે આવતી હતી તેમ તેનુ કદ વધતુ જતુ હતુ. ત્યાં સુધી કે તે ઓરડાની જમીન પર આવી ગઇ એવામાં મેં જોયુ કે તેણે એક અજીબ સ્વરૂપ ધારણ કરેલુ છે કે જેને જોઇને હું ભયભીત થઇ ગયો. તેણે ખૂબજ ઉંચા અવાજે અને ગુસ્સાપૂર્વક મને કહ્યુઃ તે આયતુલ કુરસીની તાલીમ આપીને મારી પાસેથી મારા મહેબૂબને અલગ કરી દીધી, હવે હું તને ખત્મ કરી દઇશ. મેં આયતુલ કુરસી પઢવાનું શરૂ કરી દીધુ. તે અજીબ સ્વરૂપ ધીમે ધીમે નાનુ થવા લાગ્યુ. ત્યાં સુધી કે પોતાના અસ્લ સ્વરૂપમાં આવી ગયુ, અને પછી ગાએબ થઇ ગયુ. ઘણી વાર તે આવી રીતે આવ્યો અને મને ખત્મ કરવાનો ઇરાદો કર્યો, પરંતુ હું આયતુલ કુરસીની તિલાવત થકી તેના નુકસાનથી નજાત પામી ગયો.

એક દિવસ હું ફરવા માટે શહેરની બહાર ગયો, શહેરની નજદીક જંગલ હતુ. જ્યારે હું એ જંગલમાં પહોંચ્યો તો મેં જોયુ કે અચાનક એક ખૂબ જ મોટો અજગર વૃક્ષોની વચ્ચેથી બહાર નીકળ્યો અને ચીસો પાડવા લાગ્યો, 'હું એ જ જીન છુ, અને હવે હું તને હલાક કરી દઇશ. હું જોવ છુ કે હવે કોણ તને મારા પંજામાંથી બચાવશે?' જેવી તેની વાત પૂરી થઇ તો તરત જ મને ઇલ્હામ થયુ, અને મજબૂરોના ફરીયાદરસ અને મુસીબતોમાં તેઓને નજાત દેવાવાળા હઝરત સાહેબુઝ્ઝમાન (અ.સ.)ની તરફ મુતવસ્સીલ થયો અને તે જીનને કહ્યુઃ હઝરતે હુજ્જત(અ.સ.) મને બચાવશે.

મારા મોઢામાંથી જેવુ આ વાક્ય બહાર આવ્યુ કે એક સૈયદ જવાન જેના માથા ઉપર લીલા રંગનો અમામો અને હાથમાં એક કુહાડી હતી, તેને મેં મારી સામે જોયા. આપ જનાબે કુહાડી મને આપી અને કહ્યુંઃ આ અજગરને ખત્મ કરી દો. મેં કહ્યુંઃ મારા મૌલા! ખૌફના લીધે હું મારા શરીરમાં તાકત મહેસૂસ નથી કરતો. હું કેવી રીતે આ કુહાડી લઉ? પછી આપે તે કુહાડી લીધી અને તે અજગરના માથા પર વાર કર્યો, અને તેને હલાક કરી દીધો. પછી મને ફરમાવ્યુઃ જાવ, હવે તમે આના શરથી સુરક્ષિત થઇ ગયા. મેં સવાલ કર્યોઃ આપ કોણ છો? ફરમાવ્યુઃ તે કોનાથી તવસ્સુલ કર્યુ હતુ, અને મદદ માંગી હતી? મેં કહ્યુંઃ ઇમામે અસ્ર(અ.સ.)થી મુતવસ્સીલ થયો હતો. આપ(અ.સ.)એ ફરમાવ્યુઃ હું ઝમાનાની હુજ્જત અને ઇમામે ઝમાના છું અને આપ મારી નજરોથી ગાએબ થઇ ગયા. મેં અલ્લાહની બારગાહમાં આ અઝીમ નેઅમતનો શુક્રીયા અદા કર્યો.

(ભાગઃ૨, પાનાઃ૨૦૪, સત્રઃ૨૫)

### ઇમામે વક્તએ જ હજરે અસ્વદને નસ્બ કર્યોઃ

આ વાકેઆથી જાહેર થાય છે કે હજરે અસ્વદને સ્થાપિત કરવુ હુજ્જતે ખુદાના થકી જ શક્ય છે. અબુલ કાસિમ જઅફર બિન મોહમ્મદ કુલવીયા ફરમાવે છે, હું હિ.સ. ૩૩૭માં (ગયબતે કુબરાની શરૂઆતનો જમાનો હતો. આ એ વર્ષ હતુ જેમાં કરામતાએ હજરે અસ્વદને મસજીદુલ હરામમાં પાછો મોકલી દીધો હતો.) બયતુલ્લાહની ઝિયારતના ઇરાદા સાથે બગદાદ પહોંચ્યો અને આ સફરનો હેતુ એ હતો કે હું એ શખ્સને જોઉ કે જે હજરે અસ્વદને સ્થાપિત કરશે, કારણકે મેં કિતાબોમાં વાંચ્યુ હતુ કે હજરે અસ્વદને તેની જગ્યાએથી કાઢવો અને બેસાડવો એ ઝમાનાની હુજ્જત(અ.સ.)ના થકી થાય છે. (જેમ કે હજ્જાજ લઅ્નતુલ્લાહો અલય્હના ઝમાનામાં તેની જગ્યાએથી નિકાળવામાં આવ્યો, અને જેને પણ તેને તેની જગ્યાએ મુકવાની કોશિષ કરી પણ તેને તેની જગ્યાએ મુકી ન શક્યો, ત્યાં સુધી કે ઇમામ ઝયનુલ આબેદીન(અ.સ.)એ પોતાના મુબારક હાથથી તેને તેની જગ્યા પર સ્થાપિત કરી દીધો.)

હું બગદાદમાં ખૂબ જ બિમાર થઇ ગયો. ત્યાં સુધી કે મેં પોતાની જાતને મૌતની નઝદીક જોઇ. આથી હું મારા

મકસદથી (બયતુલ્લાહની ઝિયારતથી) નાઉમ્મીદ થઇ ગયો. મેં એક શખ્સ ઇબ્ને હિશામને મારો નાયબ બનાવ્યો અને એક પત્ર બંધ કરીને મહોર લગાડીને તેના હવાલે કર્યો, અને તે પત્રમાં મારી ઉમ્ર વિશે સવાલ કર્યો અને પુછ્યુ કે 'આ બિમારીમાં મારી મૌત થશે કે નહીં?' અને તે શખ્સને કહ્યું કે 'આ પત્ર રવાના કરવાનો મારો મહત્વનો હેતુ એ છે કે તુ આ પત્રને તે શખ્સના હવાલે કરજે કે જે હજરે અસ્વદને તેની જગ્યા પર નસ્બ કરે. પછી તુ તેમની પાસેથી આ પત્રનો જવાબ લેજે, કારણકે હું તને ફક્ત આ કામ માટે જ મોકલી રહ્યો છું.'

ઇબ્ને હિશામ કહે છે કે જ્યારે હું મક્કએ મોઅઝ્ઝમામાં દાખલ થયો અને લોકો ચાહતા હતા કે હજરે અસ્વદને તેની જગ્યાએ મુકે. અમૂક રકમ ખુદ્દામને આપી જેથી તે મારી મદદ કરે એ શખ્સને જોવામાં, જે હજરે અસ્વદને નસ્બ કરશે. મારી નજદીક અમૂક લોકો નિયુક્ત થઇ ગયા. જે લોકોની ભીડથી મારી હિફાઝત કરી રહ્યા હતા. જે પણ હજરે અસ્વદને નસ્બ કરવા ચાહતા હતા, તો હજરે અસ્વદ ધ્રુજવા લાગતો અને પોતાની જગ્યા પર સ્થિર ન થતો. એવામાં એક ઘઉંવર્ણા રંગના અને ખૂબસૂરત જવાન જાહેર થયા અને તેમણે પત્થરને પોતાની જગ્યાએ મૂકી દીધો. હજરે અસ્વદ એ જગ્યાએ એવી રીતે સ્થિર થઇ ગયો કે જાણે કોઇએ ક્યારેય તેને તેની જગ્યાએથી કાઢ્યો જ ન હોય!

જ્યારે લોકોએ આ જોયુ તો તકબીરની અવાજો બુલંદ થવા લાગી અને તે જવાન મસ્જીદુલ હરામમાંથી બહાર નિકળી ગયા. હું તેમની પાછળ પાછળ ગયો. મજમાને ચીરીને તેની પાછળ ભાગી રહ્યો હતો. તો લોકોને એમ લાગ્યુ કે કદાચ હું પાગલ અથવા બિમાર છું. હું તો દોડી રહ્યો હતો, પરંતુ તે જવાન ખૂબજ વકારપૂર્વક આરામથી ચાલી રહ્યા હતા. પરંતુ હું તેની પાસે પહોંચી શક્યો નહીં. ત્યાં સુધી કે હું એવી જગ્યાએ પહોંચ્યો જ્યાં મારી સિવાય બીજુ કોઇ ન હતુ, જે એમને જોઇ શકે. તેઓ ઉભા રહ્યા અને મને કહ્યુઃ જે ચીજને તુ લઇને આવ્યો છે તે મને આપી દે. મેં પત્રને તેમના હવાલે કર્યો. તે પત્રને ખોલ્યા વિના ફરમાવ્યુ કે આ પત્ર મોકલનારને કહી દેજો કે તે આ બિમારીથી નહી મરશે પરંતુ આજથી ૩૦ વરસ સુધી જીવતા રહેશે. ઇબ્ને હિશામ કહે છે કે તે સમયે હું એટલો રડી પડ્યો કે હું ચાલી ન શક્યો. તે જવાન મને એ હાલતમાં છોડીને ચાલ્યા ગયા, ત્યાં સુધી કે તે નજરોથી ગાએબ થઇ ગયા.

અબુલ કાસિમ જઅ્ફર બિન મોહમ્મદ કવલવયાહ કહે છે કે ઇબ્ને હિશામે હજથી પાછા ફરીને મને આ બનાવથી આગાહ કર્યો. મૂળ વાકેઓ વર્ણવવાવાળા કહે છે કે આ બનાવને ૩૦ વર્ષ પસાર થવા પછી ઇબ્ને કુલવીયા બિમાર થયા અને પોતાની આખેરતની તૈયારીમાં મશગૂલ થયા. પોતાની વસીય્યત લખી અને કફન તૈયાર કર્યુ અને પોતાની કબ્રની જગ્યાને નક્કી કરી. લોકોએ તેમને કહ્યું કે તમે શા માટે આ બિમારીથી ડરો છો? અમોને આશા છે કે ખુદા તમારી ઉપર ફઝલ કરશે અને તમો તંદુરસ્ત થઇ જશો. તેમણે જવાબ આપ્યો કે આ એ જ વર્ષ છે કે જેમાં મને મારી મૌતની ખબર આપવામાં આવી છે. તેજ વર્ષે અને તેજ દિવસે તેમની મૌત વાકેઅ થઇ, અને રહેમતે ઇલાહીથી જોડાઇ ગયા.

(ભાગઃ૨, પાનાઃ૫૭, ત્રીજી લાઇન)

**અંતઃ**

ઇમામે ઝમાના(અ.સ.)નો લુત્ફો,કરમ અને બરકતોનો સિલસિલો શરૂ છે. આ લેખમાં જુના બનાવો વર્ણવ્યા છે, પરંતુ હકીકત એ છે કે આજે પણ મદદ તલબ કરવાવાળાઓ ઇમામ(અ.સ.)ની મદદથી ફાયદો મેળવે છે. અહીં એક બનાવ આપણા સમયનો વર્ણવીએ છીએ...

તાજેતરમાં આપણા એક મહાન આલિમ શૈખ મોહમ્મદ અલ અમ્રીનો ઇન્તેકાલ થયો છે. આપ મદીનએ મુનવ્વરાના રહેવાસી હતા, અને મૃત્યુ સમયે આપની ઉમ્ર લગભગ ૧૩૫ વર્ષ હતી. જન્નતુલ બકીઅમાં આપને દફન કરવામાં આવ્યા. આપના વિશે એ મશહૂર હતુ કે આપે ઇમામે ઝમાના(અ.સ.)ની સાથે મુલાકાત કરી છે. હઝરતે આપને સઉદીની જેલમાંથી છુટકારો અપાવ્યો.

અલ-મુન્તઝરના પ્રતિનિધિઓએ ઇ.સ. ૧૯૯૮ પ્રમાણે મોહર્રમ હિ.સ. ૧૪૩૦માં શૈખ મોહમ્મદ અલી અલ અમ્રી અને તેમના વ્હાલા ફરઝંદ હઝરત હુજ્જતુલ ઇસ્લામ હાજી શૈખ કાઝિમ અમ્રીની મુલાકાતનો શરફ હાસિલ કર્યો, અને જનાબ શૈખ કાઝિમ અમ્રીને પુછ્યુ કે બનાવ શું છે? લોકો એમ કહે છે કે આપના વાલીદે ઇમામે ઝમાના(અ.સ.)થી મુલાકાત કરી છે. તેઓએ તરતજ કહ્યુંઃ એવી કોઇ વાત નથી. તે લોકોએ કહ્યુ, પરંતુ આ વાત બહૂજ પ્રચલિત છે. આપ તેની સ્પષ્ટતા કરો. બહૂજ આગ્રહ કરવા પછી તેઓએ કહ્યુ....

વાકેઓ આ રીતે છે કે આજથી લગભગ ૭૦વર્ષ પહેલા જ્યારે કે આપ પૈદા પણ નહોતા થયા, મારા વાલિદને તથા

ઘણા બધા શીઆઓને સઉદી હુકૂમતે ફક્ત શીઆ હોવાના લીધે ગિરફ્તાર કરી લીધા, અને બાબે જીબ્રઇલની સામે શીઆઓ ઉપર ઝુલ્મો થયા, ત્યાં સુધી કે બે શીઆ તેમાં શહીદ થઇ ગયા, અને ઘણા બધા શીઆઓની સાથે મારા વાલિદને પણ ગિરફ્તાર કરી લીધા. મારા વાલિદ કારણ કે તેઓ આલિમનું સ્થાન ધરાવતા હતા, તેઓને ફાંસીની સજા સંભળાવવામાં આવી.બાદમાં શીઆઓએ ઘણો બધો વિરોધ કર્યો તો મારી વાલિદની ફાંસીની સજાને ઉમ્રકૈદની સજામાં બદલી નાંખવામાં આવી અને શહેરથી દૂર કોઇ જેલમાં મોકલી દેવામાં આવ્યા. અમારા ખાનદાન અને કબીલાના લોકોને આ બાબતની કોઇ જાણ નહોતી કે તેઓને ઉમ્રકૈદ થઇ છે. પરંતુ ખાનદાનના લોકો એમજ સમજી રહ્યા હતા કે તેમને ફાંસી થઇ ગઇ છે. એક વર્ષ પછી મારા વાલીદ ઘરે પરત આવ્યા. લોકોએ તેમને જોયા તો ખુશીનો પાર ન રહ્યો. બધાએ તેમને પુછ્યુ કે બનાવ શું છે? તેઓએ ખાસ-ખાસ લોકોને બનાવ વર્ણવ્યો, અને ત્યારપછી અમને પણ તેઓએ બનાવ બયાન કર્યો. આપે ફરમાવ્યુ કે...

જ્યારે મને શહેરની બહાર લઇ જવામાં આવ્યો, અને હું જેલમાં હતો, હું બારગાહે ખુદાવંદી અને અઇમ્મએ હોદા(અ.મુ.સ.)ની બારગાહથી મુતવસ્સિલ રહેતો અને પોતાની નજાત માટે દુઆ કરતો હતો. એક રાત્રે મેં ખ્વાબમાં જોયુ કે ઇમામે જવાદ(અ.સ.) આવ્યા છે. (શૈખ અમ્રીનું જ્યાં મકાન છે, તે વિસ્તાર અવાલીના નામથી મશ્હૂર છે, તે અવાલીના વિસ્તારમાં મસ્જીદે કુબા પણ છે, અને તે વિસ્તારમાં ઇમામે જવાદ(અ.સ.)નું મકાન હતુ.)

મને ખુશ-ખબરી આપી રહ્યા છે કે ટુંક સમયમાંજ હું આઝાદ થઇ જઇશ. આજ રીતે બીજી રાત્રે ખ્વાબમાં ઇમામ અમીરૂલ મોઅમેનીન(અ.સ.) તશરીફ લાવ્યા અને તેઓએ પણ ખુશ-ખબરી આપી કે હું ખૂબજ જલ્દી જેલમાંથી છુટી જઇશ. અને ત્રીજી રાત્રે સ્વપ્નમાં ઇમામે ઝમાના(અ.સ.)ને જોયા, એવી રીતે કે આપ(અ.સ.) ઘોડા ઉપર સવાર હતા. આપની સાથે ઘણા બધા અસ્હાબો પણ હતા, અને મક્કાથી મદીના તરફ આવી રહ્યા છે. મને આપ(અ.સ.)એ ફરમાવ્યુ કે 'મારો એક પ્રતિનિધિ તમારી પાસે આવી રહ્યો છે. તે તમને આઝાદ કરાવશે.' તે ખ્વાબ પછી જ્યારે હું જાગ્યો તો પરેશાન થયો કે શું બાબત છે? ખ્વાબની તાબીર શું છે? બાદમાં સિપાહીઓ મારી પાસે આવ્યા અને મને ખબર આપી કે મને આઝાદી મળી રહી છે અને આ રીતે મને જેલમાંથી આઝાદી મળી ગઇ. હું બારગાહે ખુદાવંદમાં શુક્રગુઝાર થયો અને મારા મૌલાના ઝુહૂર માટે દુઆ કરવા લાગ્યો.

શૈખ કાઝિમ અમ્રીએ પોતાના વાલિદની વાત વર્ણવ્યા બાદ અલ-મુન્તઝરના પ્રતિનિધિઓને ફરમાવ્યુઃ

વાત એમ છે કે હકીકત આ છે કે અમે મદીનામાં ફક્ત એટલા માટે સુરક્ષિત છીએ કે આપણા મૌલા અને આકા ઇમામે ઝમાના(અ.સ.) અમારૂ રક્ષણ કરે છે.

તેમનો ટેકો અમારી સાથે શામિલ છે. આપે પોતાની પાછળની દિવાર તરફ ઇશારો કર્યો કે જેના પર હદીસનું આ લખાણ લાગેલુ હતુ કે....

*"ઇન્ના ગયૂરો મુહ્મેલીન લે મુરાઆતેકુમ વલા નાસીન લે ઝિક્રેકુમ......"*

શૈખ કાઝિમએ ફરમાવ્યુઃ હઝરત(અ.સ.) આપણા કાર્યોથી ક્યારેય ગાફિલ નથી થતા અને આપણી યાદને ક્યારેય ભૂલાવતા નથી અને અગર આપ(અ.સ.)ની નઝરે ઇનાયત આપણા પરથી હટી જાય તો દુશ્મન આપણને પાછળ ધકેલી દેશે.

આ તૌકીઅમાં હઝરતે આ જ બાબત ફરમાવી છે.

બાદમાં પ્રતિનિધિઓએ પોતે શૈખ મોહમ્મદ અલી અમ્રીની તસ્દીક કરી. અલબત્ત, શરૂઆતમાં તો તેમણે કંઇપણ બતાવવાનો ઇન્કાર કર્યો. પરંતુ ખૂબજ આગ્રહ કર્યો તો કહ્યુ કે આ રીતે આપણા મૌલા અને આકાએ અમારી મદદ કરી.

*વજ્ અલ્હો અલ્લાહુમ્મ મફ્ઝઅન્ લે મઝલૂમે એબાદેક*

*"અને અય અલ્લાહ! તે હઝરત(અ.સ.)ને પોતાના મઝ્લૂમ બંદાઓના માટે ફરીયાદે પહોંચનાર બનાવી દે"*

---ooo---

# જુમ્આના દિવસે ઈમામે ઝમાના(અ.સ.)ની ઝિયારતની સમજણ

(અલ મુન્તઝર શાબાના સ્પેશ્યલ અંક હિ.સ. ૧૪૩૨ અગાઉથી શરૂ)

**''હાઝા યવ્મુલ્ જોમોઅતે વ હોવ યવ્મોકલ્ મોતવક્કઓ ફીહે ઝોહુરોક વલ્ ફરજો ફીહે લીલ્ મોઅમેનીન અલા યદેક વ કત્લુલ્ કાફેરીન બે સય્ફેક''**

*''આજે જુમ્આનો દિવસ છે અને તે આપ (અ.સ.)નો દિવસ છે, જેમાં આપ(અ.સ.)ના ઝુહુરની ઉમ્મીદ અને અપેક્ષા છે અને આ (દિવસે) મોઅમેનીનને આપના હાથે વિશાળતા અને પ્રશ્નોનો હલ હાસિલ થશે અને અલ્લાહનો ઈન્કાર કરવાવાળાઓ આપની તલવારથી કત્લ કરવામાં આવશે''*

ઝિયારતના આ જુમ્લાથી ત્રણ પરિણામો મેળવી શકાય છે.

(૧) જુમ્આનો દિવસ એ મુબારક દિવસ છે કે જે દિવસે હઝરતે હુજ્જત અજ્જલલ્લાહો તઆલા ફરજહુના ઝુહુરની અપેક્ષા છે.

(૨) ઈમામ(અ.સ.)ના ઝુહુર બાદ મોઅમેનીનને પ્રશ્નોનો હલ નસીબ થશે.

(૩) અલ્લાહના દુશ્મનો ઈમામે વક્તની તલવારથી જહન્નમ વાસીલ કરવામાં આવશે.

આવો આ વાક્યનું વિશ્લેષણ અને પૃથ્થકરણ કરવાની કોશિશ કરીએ.

**(અ) ઝુહુરનો સમય નક્કી કરવાની મનાઈઃ**

જેમ કે આ અગાઉ કહેવામાં આવ્યું છે કે ઝુહુરનો સમય નક્કી કરવાની સખ્તાઈ પૂર્વક મનાઈ કરવામાં આવી છે. ફઝીલની રિવાયત છે કે મેં ઈમામ મોહમ્મદ બાકિર(અ.સ.)ને પુછ્યુંઃ હલ લે હાઝલ્ અમ્રે વકતુન? કાલ(અ.સ.): કઝેબલ્ વક્કાતુન કઝેબલ્ વક્કાતુન, કઝેબલ્ વક્કાતુન

શું આ બાબત (એટલે કે ઈમામ(અ.સ.)નો ઝુહુર)ના માટે કોઈ સમય નક્કી છે? ઈમામ(અ.સ.)એ જવાબમાં ફરમાવ્યુંઃ

*''સમય નક્કી કરવાવાળા જુઠ્ઠા છે, સમય નક્કી કરવાવાળા જુઠ્ઠા છે, સમય નક્કી કરવાવાળા જુઠ્ઠા છે''*

(અલ કાફી, ભાગઃ૧, પાનાઃ ૩૬૮, બાબો કરાહીયતુત્ તૌકીત, અલ ગયબત, શૈખ તુસી, પાનાઃ ૪૨૫-૪૨૬, હ.નં.૪૧૧, બેહારૂલ અન્વાર, ભાગઃ૫૨, પાનાઃ ૧૦૩, પ્રકરણઃ ૨૧, હ.નં.૫)

આ પ્રકારની રિવાયતો શાબ્દીક તવાતુર અને અર્થની દ્રષ્ટિએ તવાતુર રાખે છે. એટલે કે પોતાના શબ્દોની દ્રષ્ટિએ પણ મુતવાતિર છે અને પોતાના અર્થની દ્રષ્ટિએ પણ (અગર ઉપરોક્ત સંદર્ભો પર વિચાર કરો તો તમે પામશો કે મોટા ભાગના હદીસ વેત્તાઓએ પોતાની કિતાબોમાં તવકીત (એટલે સમય નક્કી કરવો)ની મનાઈ પર પ્રકરણ લખ્યા છે) કારણ કે તેનું ઈલ્મ ફક્ત અલ્લાહની પાસે છે અને કોઈને એ મૌકો નહી આપવામાં આવે કે તે લોકોની લાગણી સાથે આ સંવેદનશીલ બાબતે રમે.

ઈમામ સાદિક(અ.સ.) ફરમાવે છેઃ

***''મન્ વક્કત લે મહદીના વક્તન ફકદ્ શારકલ્લાહ ફી ઈલ્મેહી''***

***''જેણે અમારા મહદી(અ.સ.) માટે સમય નક્કી કર્યો, તો યકીનન તેણે પોતાને અલ્લાહના ઈલ્મનો શરીક ગણ્યો છે''***

(અલ હિદાયા, હુસૈન બીન હમદાન, પાનાઃ ૧૭૨)

(બ) જ્યારે સમય નક્કી કરવાની મનાઈ છે, તો પછી ઝિયારતો, દુઆઓ અને હદીસોમાં જુમ્આના દિવસને શા માટે એ દિવસ દર્શાવ્યો છે કે જેમાં ઝુહુર થશે?

સવાલનો જવાબ આપવા પહેલા એ જણાવવું જરૂરી છે કે માત્ર જુમ્આનો દિવસ જ નહી, પરંતુ રિવાયતોમાં ઝુહુરનો મહીનો અને ઝુહુરનું વર્ષ પણ દર્શાવવામાં આવ્યું છે. જેમ કે મોહમ્મદ બિન મુસ્લીમે રિવાયત કરી છે કે એક શખ્સે ઈમામ જઅફરે સાદિક(અ.સ.)ને સવાલ કર્યોઃ આપ(અ.સ.)ના કાએમ (અ.સ.)નો ઝુહુર ક્યારે થશે?

આપ(અ.સ.)એ જવાબમાં ફરમાવ્યું:

*''ફ ઈન્દ ઝાલેક યોનાદા બીસ્મીલ્કાએમે અલય્હીસ્ સલામ ફી લય્લતીન સલાસીન વ ઈશ્રીન મીન્ શહ્રે રમ્ઝાન વ યકુમો ફી યવ્મે આશુરા....''*

અમુક નિશાનીઓ બયાન કર્યા પછી ઈમામ(અ.સ.)એ ફરમાવ્યું:

*''પછી તે સમયે કાએમ(અ.સ.)ને તેમના નામથી બોલાવવામાં આવશે, માહે રમઝાનની ૨૩મી રાત હશે અને આશુરાના દિવસે આપ(અ.સ.) કયામ કરશે. એટલે કે આપ(અ.સ.)નો ઝુહુર માહે મુબારકે રમઝાનમાં થશે (૨૩મી શબે કદ્રમાં) અને આપ(અ.સ.) ૧૦મી મોહર્રમે કયામ કરશે''*

(કિફાયતુલ મોહતદી, મીર મોહમ્મદ બીન મોહમ્મદ મીર લુહીલ હુસૈની ઈસ્ફહાની જે અલ્લામા મજલીસીના સમકાલીન હતા. પાનાઃ ૨૧૭, હ.નં.૩૯, અલ અરબઉન, અલ ખાતુન આબાદી, પાનાઃ ૧૬૯-૧૭૦, હ.નં.૩૨, ઈસ્બાતુલ હોદા, શૈખ હુર્રે આમેલી, પાનાઃ ૫૭૦, પ્રકરણઃ ૩૨, હ.નં. ૬૮૭)

એહલે તસન્નુનની રિવાયતમાં આ પણ મળે છે કે માહે મોહર્રમની ૧૭મી તારીખે ઈમામ(અ.સ.) રૂકન અને મકામે ઈબ્રાહીમ(અ.સ.)ની વચ્ચે કયામ કરશે. એ હાલતમાં કે જીબ્રઈલ(અ.સ.) તેમની જમણી બાજુએ અને મીકાઈલ (અ.સ.) તેમની ડાબી તરફ હશે.

(ઈકદુદ દોર, પાનાઃ૬૫, પ્રકરણઃ૪, અલ બુરહાન ફી અલામાતે મહદી આખેરૂઝ્ઝમાન, પાનાઃ૧૪૫, હ.નં.૧૪)

શૈખ મુફીદ(ર.અ.)એ અલ ઈરશાદમાં અબુ બસીરથી રિવાયત વર્ણવી છે કે ઈમામ સાદિક(અ.સ.)એ ફરમાવ્યું:

*''કાએમ(અ.સ.) ઝુહુર નહી ફરમાવશે પરંતુ એકી વરસમાં એટલે કે ૧, ૩, ૫, ૭, ૯''*

(અલ ઈરશાદ, પાનાઃ૩૮૯, કશફુલ ગુમ્માહ, અબુલ ફત્હ અલી ઈબ્ને ઈસા અરબેલી, ભાગઃ૨, પાનાઃ૪૬૨)

હવે ઉપરોક્ત વર્ણવાયેલા સવાલનો જવાબ એ છે કે લોકોમાંથી કોઈને એ હક નથી કે તે પોતાની તરફથી ઝુહુરનો સમય નક્કી કરે.

સમયની વાત કરવાનો હક ફક્ત અલ્લાહ તઆલાને છે અથવા એ લોકો કે જેમને તેણે પોતાના ઈલ્મ માટે ચૂંટી કાઢ્યા છે. ચોક્કસ અઈમ્મએ માસુમીન(અ.મુ.સ.)એ હદીસો બયાન કરી છે કે આ ઝુહુરનો દિવસ, મહીનો અને વરસ હશે પરંતુ તેની સાથો સાથ તે પવિત્ર હસ્તીઓ(અ.મુ.સ.)એ આ પણ ફરમાવ્યું છે કે પોતાના સાહેબ અને ઈમામ(અ.સ.)ના ઝુહુરનો ઈન્તેઝાર દિવસ અને રાત, સવાર અને સાંજ કર્યા કરો. આ જાહેરી વિરોધાભાસને અગર તઆદુલ અને તરાજીહના થકી ઉકેલવા ચાહીએ તો એમ કહી શકીએ છીએ કે જો કે આ પ્રકારની વાતો રિવાયતોમાં મૌજુદ છે પરંતુ લીલ્લાહીલ બદાઓ. અલ્લાહને હક છે કે તેમાં બદા કરે એટલે કે સમયમાં ફેરફાર લાવે. બદાના અકીદા વિશે આપણે ગભરાવવું ન જોઈએ બલ્કે બદાના બારામાં આપણા ઈમામો(અ.મુ.સ.)એ ફરમાવ્યું છે કે અલ્લાહની ઈબાદત કોઈ ચીજથી એટલી નથી થઈ શકતી, જેટલી બદાના અકીદાથી થાય છે. અલ્લાહની મહાનતા જેટલી બદાના અકીદાથી થાય છે, એટલી કોઈ ચીજથી નથી થતી. જેવી રીતે તશરીઅમાં નસ્ખ, નાસિખ અને મન્સુખ છે, તેવી જ રીતે તકવીનમાં પણ બદા છે. આશ્ચર્યની વાત છે કે મુસલમાન નસ્ખ (રદબાતલ)ને કબુલ કરવા તય્યાર છે, પરંતુ બદાનો ઈન્કાર કરે છે. વધુ વિગત માટે આ કિતાબનો અભ્યાસ કરવો ઉસુલે કાફી, ભાગઃ૧, પાનાઃ૧૪૬, બાબુલ બદાઅ, બેહારૂલ અન્વાર, ભાગઃ૪, પાનાઃ૯૨, પ્રકરણઃ૩, અલ બદાઅ વન્નસ્ખ

**(ક) પ્રશ્નોનો હલ ફક્ત અને ફક્ત મહદી(અ.સ.)ના ઝુહુર પછીઃ**

એ વાત નક્કી છે કે મોઅમીનને પ્રશ્નોનો ખરો હલ ફક્ત અને ફક્ત હઝરતે હુજ્જત(અ.સ.)ના ઝુહુર બાદ નસીબ થશે. ગૈબતના ઝમાનામાં મોઅમેનીન માટે જરૂરી છે કે અઈમ્મએ માસુમીન(અ.મુ.સ.)ના હુકમો અને કથનોની પૈરવી અને અનુસરણ કરે. દરેક મોઅમીન વ્યક્તિ પર એ જરૂરી છે કે તે કોશિશ કરે કે તે હઝરત(અ.સ.)ની રાઈના દાણા જેટલી પણ મુખાલેફત ન થાય. ન વ્યક્તિગત રીતે અને ન તો સામાજિક રીતે. અઈમ્મએ માસુમીન(અ.મુ.સ.)ની હદીસો અને કથનોને પોતાના ગરજ અને હેતુ પર ફીટ કરવાની કોશિશ ન કરે, બલ્કે તેમના હુકમને પોતાની ઝીંદગીનો હેતુ અને ધરી બનાવી લેવું. ખુદા ન ખાસ્તા એવુ ન થાય કે સ્પષ્ટતાને નાફરમાની માટે ઢાલ બનાવી લે.

**(ડ) અલ્લાહના દુશ્મનો અને અલ્લાહના દીનના દુશ્મનોની હલાકત અને નાશ ઈમામે ઝમાના(અ.સ.)ના હાથેઃ**

હઝરત નૂહ(અ.સ.)ની દૂઆઃ

*''રબ્બે લા તઝર્ અલલ્ અર્ઝે મેનલ્ કાફેરીન*

*દય્યારન''*

*''પરવરદિગાર! ઝમીન પર કોઇપણ કાફિરને જીવતો બાકી ન રાખજે''*

(સુરે નૂહ, આયતઃ૨૬)

હઝરત હુજ્જત(અ.સ.)ના ઝુહુર પછી આ દુઆ સંપૂર્ણ રીતે કબુલ થશે. વધુ વિગતવાર માહીતી માટે બેહારૂલ અન્વાર, ભાગઃ૮૯, પાનાઃ૩૪૦, પ્રકરણઃ૪, આઅમાલે યવ્મુલ જુમ્આ વ આદાબેહી વ વઝાએફેહી)

**વ અના યા મવ્લાય ફીહે ઝયૂફોક વ જારોક વ અન્ત યા મવ્લાય કરીમુન મીન અવ્લાદીલ્ કેરામે વ મઅ્મુરૂન બીલ્ ઝેયાફતે વલ્ એજારતે ફ અઝીફ્ની વ અજીર્ની સલવાતુલ્લાહે અલય્ક વ અલા અહલેબય્તેકત્ તાહેરીન''**

*''અને હું અય મારા મૌલા! આ દિવસે આપનો મેહમાન અને અને આપનો પડોસી તથા હમસાયા છું અને આપ અય મારા મૌલા માયાળુ અને ઉદાર છો અને માયાળુ તથા ઉદાર બુઝુર્ગોની ઔલાદમાંથી છો અને પનાહ આપવાનું આપને સોંપવામાં આવ્યું છે. તો પછી આપ મારી મહેમાનગતિ કરો અને મને પનાહ આપો. આપના ઉપર અને આપની પાકીઝા અહલેબૈત(અ.મુ.સ.) પર અલ્લાહની રહેમત થાય''*

**(અ) શબ્દોઃ**

ફીહેમાં અક્ષર ફે હરફે જર છે અને હે ઝમીર છે, તે યવ્મ એટલે કે દિવસ તરફ પલટે છે. ઝય્ફ મહેમાનને કહેવામાં આવે છે અને જાર એટલે પડોસી અને હમસાયા કેરામ એ કરીમનું બહુવચન છે. મઅ્મુર અમરનુ ઇસ્મે મફઉલ છે એટલે જેને હુકમ દેવામાં આવે. ફ અઝીફ્ની ૩ શબ્દોનુ સંયોજન છે. ફ જેનો અર્થ છે પછી. અઝીફ ફેઅલે અમ્ર મુખાતીબ છે. બાબે ઇફઆલના કારણે યે ડ્રોપ કરવામાં આવેલ છે. નૂન ને નૂને વકાયા કહે છે અને યે ઝમીરે મુત્તસીલ મુતકલ્લીમ છે. આથી ફ અઝીફ્નીનો અર્થ થાય છે પછી મારી મહેમાનગતિ ફરમાવો. આ જ રીત અજીર્ની પણ છે.

(બ) આ વાક્ય આ ઝિયારતનુ આખરી વાક્ય છે અને ખુબ જ અદ્ભુત અને આશ્ચર્યજનક વાક્ય છે. જુમ્આનો દિવસ ઇમામે ઝમાના(અ.સ.)નો દિવસ છે અને આપ(અ.સ.)થી સંબંધિત છે. જ્યારે આપણે એ દિવસની શરૂઆત કરીએ તો એ વાતનો ખ્યાલ રાખીએ કે જે આ દિવસનો માલિક છે, આપણે તેમના મહેમાન છીએ. વિનયી અને શિસ્તવાળો મહેમાન એ છે જે કોઇ એવું કાર્ય ન કરે જે મેઝબાનને નાપસંદ હોય. આથી જુમ્આના દિવસે આપણે ખાસ કરીને એ વાતનો ખ્યાલ રાખવો જોઇએ કે આપણા આકાની મરજીની વિરૂધ્ધ કોઇ બાબત ન થાય. અગર આપણે સારા મહેમાન હશુ તો યાદ રાખવું જોઇએ કે ઇમામ(અ.સ.)થી ઉત્તમ દુનિયા અને આખેરતમાં કોઇ મેઝબાન (મહેમાનગતિ કરનાર) નહી હોય. આવો આપણે સૌ મળીને દુઆ કરીએ મૌલા અમે ગુનેહગાર છીએ, નાફરમાન છીએ પરંતુ આપ(અ.સ.)થી મોહબ્બત કરીએ છીએ. મૌલા અમે જાણીએ છીએ કે અમે મોહબ્બતનો હક અદા નથી કર્યો પરંતુ આપ તો ઉદાર છો, આપ અમારી ઉપર દયા ભરી નજર કરો અને અમારા ગુનાહોની બક્ષીશ અલ્લાહ તઆલાથી તલબ કરો. દુનિયા અને આખેરતમાં અમારી શફાઅત કરો.

પરવરદિગાર! તને મોહમ્મદો આલે મોહમ્મદ(અ.)નો વાસ્તો અમારા ઇમામ(અ.સ.)ના ઝુહુરમાં જલ્દી કર. અય અલ્લાહ તને શોહદાએ કરબલાના પવિત્ર ખુનનો વાસ્તો અમારી ગણતરી ઇમામે ઝમાના(અ.સ.)ના અન્સાર અને મદદગારમાં કરજે.

આમીન યા રબ્બલ આલમીન.

---ooo---

# ઈમામે ઝમાના(અ.સ.)થી સંબંધિત જગ્યાઓ

**પ્રસ્તાવનાઃ**

આ એક સંશોધનાત્મક અને ઐતિહાસિક વિષય છે. જેનું મહત્વ ફાયદો અને રૂહાનીયતનું એક ખૂબજ વિશાળ વિસ્તાર છે. જે માત્ર ઈમામે ઝમાના(અ.સ.)થી સંબંધિત પવિત્ર જગ્યાઓની તરફ ફક્ત વિચારવાની દાવત જ નથી આપતો પરંતુ હકના શોધનારાઓને એવી રોશની આપે છે, જે તેમને બાતિલ પ્રચારોની જાળના ફંદાઓમાંથી કાઢીને હિદાયત પામેલા બનાવે છે, અને પરિસ્થિતિનો સામનો કરીને સિરાતે મુસ્તકીમ પર ચલાવે છે.

**મહત્વઃ**

જ્યારે આ વાત રિસાલત મઆબ(સ.અ.વ.)એ ગદીરના ખુત્બામાં સ્પષ્ટ કરી દીધી કે અમારા બાર જાનશીનો થશે, જેમાં પ્રથમ અલી(અ.સ.) છે અને આખરી તે થશે જેનું નામ મારૂ નામ હશે, જેની કુન્નીયત મારી કુન્નીયત હશે અને આ દુનિયાને અદ્‌લો ઇન્સાફથી ભરી દેશે તો અલી(અ.સ.)ની વિલાયતના એલાનની સાથે આપ(સ.અ.વ.)એ પોતાના આખરી જાનશીનની તાકાત અને કુદરત તેમજ હાકેમીય્યતના વડે રાજકારણીઓની હુકૂમત બનાવવાની ખોટી યોજનાઓને નિસ્તો-નાબૂદ કરવાનું પણ જબરદસ્ત એલાન હતુ.

આ રીતે સકીફા જે એક જગ્યા છે, જ્યાં ઐતિહાસિક ઇજતેમા થયો હતો અને ગદીરના ખિલાફતના એલાન ઉપર પરદો નાખવાની એક નિષ્ફળ કોશિશ વુજૂદમાં આવી. ચૌદ સદીઓમાં હુકૂમતોએ માલ અને દૌલત, તાકત અને સત્તાના બળે પોતાના તરફથી કોઇ પણ કચાશ રહેવા દીધી નથી કે ઇતિહાસમાંથી ગદીરના બનાવને ભુંસી નાંખે અને મોટા ભાગના તે ઓલમાઓ હતા, જે દરબારી હતા અને તેઓ કે જે ઇતિહાસના ખયાનતકાર હતા. ગદીરના વાકેઆથી મોઢુ છુપાવવા લાગ્યા. નહિતર ગદીરનો ખુત્બો જે વહીની ઝબાનથી બહાર આવ્યો હતો, અને તે એક લાખ ત્રીશ હજાર વ્યક્તિઓની ગવાહીની સાથે હતો, આટલી બધી સંખ્યાના લોકો આ બનાવથી અજાણ ન રહેત.

ઈમામે ઝમાના(અ.સ.)થી સંબંધિત પવિત્ર જગ્યાઓએ આ ખુત્બાની હુરમત, અઝમત મોભો અને રજુઆતને ઇતિહાસમાંથી નાશ થવા નથી દીધુ. આ છે મહત્વ તે પવિત્ર જગ્યાઓનું, જે ઇમામે ઝમાના(અ.સ.)થી મન્સૂબ છે.

**ફાયદાઓઃ**

મુરસલે આઝમ(સ.અ.વ.)ની વફાત પછી માત્ર નામની રાશેદા ખિલાફત જે રીતે ત્રીજા દૌર સુધી ચાલી. અરબોમાં ગુમરાહીઓના એ તમામ તત્વો ઇસ્લામના નામે ફેલાઇ ગયા હતા, જે જાહેલીય્યતના ઝમાનામાં છવાએલા હતા, પરંતુ બધાએ માત્ર નામ પૂરતુ ઇસ્લામને નવુ સ્વરૂપ અપનાવી લીધુ હતુ. આ રીતે મુર્તિપૂજા સિવાય હરામ-હલાલને અલગ પાડવાની શક્તિ ખત્મ થતી જતી હતી અને માહોલ તથા ઇસ્લામી વાતાવરણની અસલીયત અને સૂરતને બદલવા માટે અબુ-સુફીયાન તેમજ મોઆવીયાની શામથી મદીના તરફ આવવા-જવાનું વધુ ને વધુ થતુ ગયુ. જેના પરિણામમાં જ્યારે ખિલાફતનો ચોથો સમયગાળો અલી (અ.સ.)ની સરપરસ્તી હેઠળ આવ્યો તો બહૂજ મોટી મોટી ખતરનાક લડાઇઓનો સામનો કરવો પડ્યો. આપની ખિલાફત પછી ઇતિહાસમાં ઘણા-બધા તોફાન આવ્યા. હજુ ગદીરનું એલાન દિમાગમાં ગુંજી રહ્યુ હતુ, ત્યાં કરબલાનો મહાન બનાવ બન્યો. ત્યારબાદ રસૂલેખુદા(સ.અ.વ.)ના ફરઝંદો કે જેઓ મુરસલે અઅ્ઝમના બરહક ખલીફા હતા, તેઓએ એકાંતવાસ અપનાવી લીધો. પરંતુ ગુફતાર, રફતાર, ઇબાદત, રિયાઝત, ઇલ્મ અને હિલ્મ તમામ વખાણવાલાયક સિફતોના આસાર અને બરકતો, રાજકીય અને હુકૂમત કરનારાઓના છળકપટોના શોર-બકોર, તાગૂતી પ્રચારો અને જાહેરાતો તેમજ ઇલ્મના મૈદાનમાં જે બદલાવ લાવવામાં આવી રહ્યા હતા, તેમાં અને સિતમ અને ઝુલ્મ કરવાના નવા નવા કાવતરાઓની સામે હકીકી ઇસ્લામનું પ્લેટફોર્મ તૈયાર થઇ ચુક્યુ હતુ, અને તેના પ્રતિનિધિત્વ માટે જગ્યા બનાવી લીધી હતી, અને અગિયાર જાનશીનો એટલે કે ઇમામ અસ્કરી (અ.સ.)ના ઝમાના સુધી રસૂલ(સ.અ.વ.)ના ફરઝંદો જ કહેવામાં આવતા હતા.

મઅસૂમીન(અ.મુ.સ.)નો સમયગાળો હિ.સ. ૨૫૫ ની સવાર સુધી અને પછી અગિયારમાં ઇમામ(અ.સ.)ની શહાદત હિ.સ. ૨૬૦ ની સવાર સુધી કેટલા ચઢાવ-ઉતાર અને હલચલની પરિસ્થિતિ રહી. ઇતિહાસ તેની નોંધ કરતી રહી. પછી શું થયુ???

ગદીરના એલાનમાં ૧૨ ની સંખ્યા હતી. આખરે તમામ ગવાહીઓ અને પૂર્વાપર સંબંધોની સાથે ૧૨માં ઇમામ(અ.સ.)ની ગયબતે સુગરા શરૂ થઇ અને પછી ગયબતે કુબરાનો સમય આવ્યો. આ ગયબતે કુબરામાં ગવાહીઓ અને પૂર્વાપરના સંબંધો માટે ઇમામે ઝમાના(અ.સ.)થી સંબંધિત પવિત્ર જગ્યાઓનો એક મહત્વનો રોલ છે.

નવ્વાબે ખાસની કબ્રોના હરમ, સામર્રા અને જ્યાં હઝરતે હુજ્જત(અ.સ.)એ કદમ રાખ્યા, જેને તેમણે પવિત્ર જમીન કહી, જ્યાં સતત અને વધારે સંખ્યામાં આપ(અ.સ.)નું જવુ. આપ(અ.સ.)ની ઇમામત અને મુરસલે અઅ્ઝમ(અ.સ.)ની ખિલાફતની આખરી કડી તેમજ ઇસ્લામની હિફાઝતમાં દરેક મકામને હિદાયતનો મીનારો બનાવી દીધો.

પવિત્ર જગ્યાઓ કે જે ઇમામે ઝમાના(અ.સ.)થી સંબંધિત છે, તેની ઝિયારત કરવાનો આ ફાયદો છે.

**રૂહાનીયતઃ**

આ એ પવિત્ર જગ્યાઓ છે કે જે ઇમામે ઝમાના (અ.સ.)થી સંબંધિત રહી છે. તે પોતાની ઝિયારત માટે ઇમાનવાળાઓને ફક્ત બોલાવતી જ નથી પરંતુ તડપતી તમન્નાઓ માટે અસ્બાબ તૈયાર કરી દે છે.

દરેક ઝિયારત કરનાર, દરેક ઇમાનની હિફાઝત કરનાર, દરેક ચાહવાવાળાનું દિલ એમ કહેતુ ઇમામે ઝમાના(અ.સ.)થી સંબંધિત પવિત્ર જગ્યાઓની તરફ ઘરેથી નિકળે છે....

*ચલે ચલો કે વો મિલ જાયેંગે કહીં ન કહીં*
*રૂકે તો પાંઉ પકડ લે યહીં ઝમીં ન કહીં*

હવે મહત્વ, ફાયદાઓ અને રૂહાનિય્યતની અસર હેઠળ ટુંકમાં આ પવિત્ર જગ્યાઓનો ઉલ્લેખ કરીશુ, જેની ઝિયારત માટે દરેક મોમીનનું દિલ તડપી રહ્યુ છે. કાશ! વારંવાર મોકો નસીબ થાય અને ઝિયારત કરતા કરતા જીંદગીના દિવસો પસાર થાય. કદાચ! ક્યાંક સફરમાં અથવા રહેઠાણમાં ક્યાંક ભીંજાએલી આંખોમાં વસેલી દિદારની ઇચ્છા પૂરી થઇ જાય, અને તે કદમોને પણ જોઇ લેય, જેને ઝિયારતગાહોની જમીન ચૂમી રહી છે.

**સામર્રાઃ**

આજના ઝમાનામાં ઘણા લોકો જુદા-જુદા કારણોસર પોતાન વતનથી દૂર જીવન વિતાવે છે. પરંતુ માં-બાપ અને રિશ્તેદારોની યાદ અને મોહબ્બત તેમને પોતાના ઘરે પરત આવવા મજબૂર કરી દે છે. ઇમામે ઝમાના(અ.સ.) પણ પોતાના બાપ-દાદાઓની ઝિયારત માટે પોતાના શહેર અને પોતાના ઘરે તશરીફ લાવે છે. બેશુમાર બનાવો એ હઝરત સાહેબુલ અમ્ર(અ.સ.)ની સામર્રામાં મૌજૂદગી દર્શાવી છે.

મિર્ઝા મોહદ્દીસે નૂરી(ર.અ.)એ પોતાની કિતાબ જન્નતુલ મઅ્વામાં કરામત અને મહાન દરજ્જાતના માલિક મૌલાના ઝયનુલ આબેદીન ઇબ્ને આલિમ અલ્ જલીલ મૌલાના મોહમ્મદ સલમાસી(ર.અ.)ના હવાલાથી અલ્લામા સૈયદ મોહમ્મદ મહદી બહ્રૂલ ઉલૂમ(કદ્દસલ્લાહો રૂહહૂ)નો આ વાકેઓ વર્ણવે છે કે જેમાં મૌલાના સલમાસી ફરમાવે છે...

અમે તેમની સાથે હરમે અસકરીયૈન (ઇમામ અલી નકી (અ.સ.) અને ઇમામ હસન અસ્કરી(અ.સ.)ના રોઝા)માં નમાઝ પઢી. તેઓ તશહ્હુદથી ત્રીજી રકાત માટે ઉભા થવા ચાહતા હતા તે સમયે તેમની એવી હાલત થઇ ગઇ કે જેથી તેઓ થોડો આરામ લઇને ઉભા થયા. નમાઝ પૂરી થયા બાદ અમે બધા આશ્ચર્યામાં હતા કે અને આનું કારણ સમજી શકતા ન હતા, અને આના વિશે સવાલ કરવાની અમારામાંથી કોઇ હિંમત રાખતુ ન હતુ. ત્યાં સુધી કે અમે તેમના ઘરે પહોંચી ગયા અને સુફરો પાથરવામાં આવ્યો, અને એક બુઝુર્ગે મને ઇશારો કર્યો કે આપને પુછુ. મેં કહ્યું કે આપ મારાથી વધુ તેમની નજદીક છો. મરહૂમ મારી તરફ પલટ્યા અને પુછ્યુ કઇ ચીજ ના બારામાં વાતચીત કરી રહ્યા છો? મેં કહ્યુ કે આ લોકો એ વાત પરથી પર્દો હટાવવા ચાહે છે કે જે હાલત આપ પર નમાઝની હાલતમાં છવાઇ ગઇ હતી.

તેમણે ફરમાવ્યુઃ એ સમયે હઝરતે વલીએ અસ્ર (અ.સ.) પોતાના વાલિદના હરમમાં સલામ કરવા માટે તશરીફ લાવ્યા હતા, તો તેમના નૂરાની જમાલથી મારા પર એ અસર થઇ જે તમે જોયુ, ત્યાં સુધી કે આપ(અ.ત.ફ.શ.) હરમમાંથી ચાલ્યા ગયા.

**૨. મસ્જીદે સહલાઃ**

અબૂબકર હઝરમીનું કહેવુ છે કે મેં ઇમામ સાદિક (અ.સ.) અથવા ઇમામ બાકિર(અ.સ.)ને અરજ કરી,

હરમે ખુદા (મક્કા) અને હરમે રસૂલે ખુદા(સ.અ.વ.) (મદીના) પછી કયો હિસ્સો સૌથી અફઝલ છે?

હઝરત(અ.સ.)એ ફરમાવ્યુઃ અય અબૂબકર! તે કુફા છે , આ પાકો પાકીઝા ઝમીન છે, તેમાં રસૂલો નબીઓ અને તેમના અવસીયાઓની કબ્રો છે, અને તે સરઝમીન પર મસ્જીદે સહલા છે અને અલ્લાહે કોઇ નબીને નિયુક્ત નથી કર્યા પણ એ કે તેણે અહીં નમાઝ ન પઢી હોય, અને આ સરઝમીનથી અદ્લે ઇલાહી જાહેર થશે અને કાએમે હક(અ.સ.) અહીં રહેશે. તેમજ તેને અદ્લો ઇન્સાફથી ભરી દેશે.

(મુસ્તદ્રકુલ વસાએલ, ભાગઃ૩, પાનાઃ૪૧૬)

મફાતિહુલ જીનાનના મોઅલ્લીફ જલીલુલ કદ્ર આલિમ, ખાતેમુલ મોહદ્દેસીન મર્હુમ શૈખ અબ્બાસ કુમ્મી(અ.ર.) જે હદીસના ક્ષેત્રમાં નિષ્ણાંત અને મુજતહીદ પણ હતા. હઝરત ઇમામ જઅફરે સાદિક(અ.સ.)થી મસ્જીદે સેહલાની ફઝીલતમાં આ હદીસ વર્ણવે છે કે જેમાં ઇમામ(અ.સ.)અબૂ બસીરને ફરમાવે છે કે 'આ એ જગ્યામાંથી છે જેને ખુદા પસંદ કરે છે. કોઇ પણ રાત કે દિવસ એવા નથી કે જેમાં મલાએકા આ મસ્જીદની ઝિયારત માટે ન આવતા હોય અને તેમાં અલ્લાહની ઇબાદત ન કરતા હોય' પછી ફરમાવ્યુ કે 'અગર હું તમારી જેમ નજદીક રહેતો હોત તો તમામ નમાઝોને આ જ મસ્જીદમાં અદા કરત.' પછી ફરમાવ્યુંઃ 'અય અબુ મોહમ્મદ! જેટલી ફઝીલત આ મસ્જીદની બયાન કરવામાં આવી છે એનાથી ઘણી વધારે તે છે જે બયાન નથી કરવામાં આવી' અબુ બસીરે અરજ કરી 'હું આપ પર કુરબાન થાવ, શું હઝરતે કાએમ(અ.સ.) હંમેશા આ મસ્જીદમાં હશે?' ફરમાવ્યુઃ હા!

**૩. કરબલા**

જલીલુલ કદ્ર આલિમ શૈખ અલી રિશ્તી(અ.ર.) જે ખાતેમુલ મોહક્કકીન શૈખ મુરતઝા અન્સારી અઅ્લલ્લાહો મકામોહુના શાગિર્દોમાંથી હતા, આ વાકેઓ વર્ણવે છે–

આપ ફરમાવે છે કે એક વખત જ્યારે હું હઝરત અબુ અબ્દીલ્લાહ ઇમામ હુસૈન(અ.સ.)ની ઝિયારત કરીને નજફે અશરફની તરફ પાછો ફરી રહ્યો હતો, તો સફર માટે નહરે ફુરાતથી એક નાની હોડીમાં સવાર થઇને કરબલાથી તવરીજની તરફ આગળ વધી રહ્યો હતો, તે હોડીમાં બીજા પણ અમૂક લોકો સવાર હતા, જે માત્ર લહ્વો-લહબમાં મશગૂલ હતા, તેમની સાથે એક અન્ય શખ્સ પણ હતો જે, તેમના લહ્વો-લહબમાં શરીક ન હતો, તેઓ તેની પણ મજાક ઉડાવતા હતા અને તેને સતાવતા હતા. પરંતુ તે ચૂપ હતા. જ્યારે અમે હોડીમાંથી બહાર આવ્યા તો મારી મુલાકાત તેમની સાથે થઇ. મેં તેમને બનાવ પુછ્યો. તેમણે કહ્યુઃ આ લોકો મારા સગા–વ્હાલા છે, અને સુન્ની છે. મારા વાલિદ પણ સુન્ની હતા. પરંતુ મારી વાલેદા શીઆ હતી, અને હઝરતે હુજ્જત સાહેબુઝ્ઝમાન(અ.સ.)ની બરકતથી મેં પણ શીઆ મઝહબ કબૂલ કરી લીધો છે. મારૂ નામ યાકૂત છે અને હિલ્લા શહેરની આજૂ બાજૂમાં મારો ઘી વહેંચવાનો ધંધો છે.

એક દિવસ એવુ થયુ કે, હું હિલ્લાથી બહાર વણજારાઓની પાસે ઘી ખરીદવા માટે આવ્યો હતો, અને ખરીદી કર્યા પછી પાછો આવતો હતો, તો તે જગ્યાએ થોડીવાર આરામ કરવા માટે અમે લોકો રોકાયા, અને પછી મને ઉંઘ આવી ગઇ. જ્યારે ઉંઘમાંથી જાગ્યો તો જોયુ કે ત્યાં કોઇ નથી. આ ઇલાકામાં જંગલી જાનવરો આવતા હતા, અને હું એકલો હતો. આ અસાધારણ ખૌફની હાલતમાં હું ત્યાંથી ચાલ્યો, પરંતુ પોતાનો રસ્તો ભૂલી ગયો. તે સમયે મારા ખલીફાઓ જેના પર મારો અકીદો હતો. તેમની પાસે મદદ માંગી. પરંતુ કોઇ ફાયદો ન થયો. ત્યારે મને યાદ આવ્યુ કે મારી માતાએ મને કહ્યુ હતુ કે આપણા એક ઇમામ જીવંત છે. જેમની કુન્નીયત અબૂ સાલેહ છે. તેઓ મુસીબતના સમયે મદદે આવે છે અને કમઝોરોની ફરીયાદે પહોંચે છે. મેં એવો અહદ કર્યો કે અગર હું તેમની પાસે મદદ માંગુ અને તેઓ મદદ કરવા આવે તો હું મારી વાલેદાનો મઝહબ સ્વિકારી લઇશ. મેં અવાજ આપી, 'યા અબા સાલેહ અદરીકની' અને અચાનક મેં જોયુ કે લીલા રંગનો અમામો પહેરેલ એક શખ્સ મારી તરફ આગળ વધી રહ્યા છે. તેમણે મને રસ્તા તરફ માર્ગદર્શન કર્યુ અને હુકમ આપ્યો કે હું મારી વાલેદાના દીન ઉપર ઇમાન લઇ આવું. તેમણે મને એક એવા ગામ તરફ પહોંચાડી દીધો કે જ્યાંના બધા રહેવાવાળા ફક્ત શીઆ હતા. મેં સવાલ કર્યો કે 'અય મારા મૌલા! શું આપ મારી સાથે ત્યાં સુધી નહીં આવો?' તેમણે જવાબ આપ્યોઃ નહીં! એવા હજારો લોકો છે, જે બીજા શહેરોમાં ઇસ્તેગાસા કરી રહ્યા છે. મારા માટે તેમની મદદ કરવી જરૂરી છે. આમ કરીને તેઓ મારી નજરોથી ગાએબ થઇ

ગયા. મેં આ વાકેઓ હિલ્લાના મશ્હૂર આલિમ સૈયદ મહદી કઝવીની રહમતુલ્લાહો અલય્હને બયાન કર્યો અને તેમને સવાલ કર્યો કે અગર મારે તે હઝરત(અ.સ.)થી બીજીવાર મુલાકાત કરવી હોય તો હું કયો અમલ બજાવી લાવુ? તેમણે કહ્યુંઃ ૪૦ શબે જુમ્આ હઝરત અબુ અબ્દીલ્લાહ ઇમામ હુસૈન(અ.સ.)ની ઝિયારત કરો. હું તરતજ આ અમલને બજાવવામાં મશ્ગૂલ થઇ ગયો. જ્યારે આખરી શબે જુમ્આ હું હિલ્લાથી કરબલા પહોંચ્યો, તો જોયુ કે કરબલાના દરવાન જવ્વારોને ઓળખ કર્યા વગર અથવા તેની રકમ વગર ઝિયારતની પરવાનગી નથી આપતા, અને મારી પાસે બે માંથી કંઇ પણ હતુ નહી. તે જ સમયે મેં સાહેબુલ અમ્ર(અ.સ.)ને ત્યાં એક ગૈર અરબ પોષાકમાં સફેદ અમામો પહેરેલ જોયા. મેં તે હઝરતને જોતાવેત જ ઇસ્તેગાસા બલંદ કર્યો. ઇમામ(અ.સ.)એ મારો હાથ પકડીને મને દરવાજેથી દાખલ કરાવી દીધો અને કોઇ પણ મને જોઇ ન શક્યા.

(નજમુસ્સાકિબ ભાગઃ૧ પ્રકરણઃ૭ પાનાઃ૭૧૯ હિકાયતઃ૭૧)
(બેહારૂલ અન્વાર, ભાગઃ૫૩, પાનાઃ ૨૯૨-૨૯૪)

### ૪. ખાનએ કાબા

ઘણી વખત રિવાયતોમાં આ હકીકતને બયાન કરવામાં આવી છે કે ઇમામે ઝમાના(અ.સ.) દર વરસે હજની મોસમમાં ખાનએ કાબા તશરીફ લાવે છે. હઝરત વલીએ અસ્ર(અ.સ.)ના બીજા નાએબે ખાસ જનાબ મોહમ્મદ બિન ઉસ્માન અમરી (અ.ર)નું બયાન છે કે મેં આ હદીસ સાંભળી છે કે....

***“વલ્લાહે ઇન્ન સાહેબ હાઝલ અમ્રે લ યહ્‌ઝોરૂલ મવસેઅ કુલ્લ સનતિન ફ યરન્નાસ વ યઅરેફોહુમ વ યરવનહૂ વલા યઅરેફૂનહૂ”***

***“ખુદાની કસમ! સાહેબુલ અમ્ર(અ.સ.) દર વરસે હજના મૌકા પર તશરીફ લાવે છે, આપ(અ.સ.) લોકોને જુએ છે અને ઓળખે છે, લોકો તેમને જુએ છે પરંતુ ઓળખતા નથી.***

(કમાલુદ્દીન, ભાગઃ૨, પ્રકરણઃ૪૩, હદીસઃ૮)
(વસાએલુશ્શીઆ, ભાગઃ૧૧, પાનાઃ૧૩૫)

અલી ઇબ્ને અહમદ ખદીજી કુફીએ, તેમને અઝદીએ બયાન કર્યુ કે હું કાબાનો તવાફ કરવામાં મશ્ગૂલ હતો, છ તવાફ કરી ચુક્યો હતો અને સાતમાંનો ઇરાદો કર્યો હતો કે મેં જોયુ કે કાબાની જમણી તરફ એક ખુબસૂરત નવજવાન મૌજૂદ છે. જેમની પાસેથી ખુશ્બુ આવી રહી છે. તેમની હૈબત લોકો પર છવાએલી છે અને લોકો તેમને ઘેરી વળેલા છે. જેથી તેમની સાથે વાતચીત કરે મેં તેમની વાતચીતથી વધુ બહેતર તેમની ગુફતગુ વધારે મીઠી અને સાથે ઉઠક બેઠકમાં તેમનાથી વધુ બહેતર કોઇ શખ્સ નથી જોયા. હું પણ તે તરફ ગયો જેથી તેમની સાથે વાત કરી શકુ. પરંતુ લોકોના સમૂહે મને પાછળ ધકેલી દીધો. મેં લોકોને પુછ્યુ કે ‘તેઓ કોણ છે?’ લોકોએ કહ્યુંઃ તેઓ ફરઝંદે રસૂલ છે, જે દર વર્ષે એક દિવસ પોતાના ખાસ લોકોને મળવા માટે આવે છે, જેથી તેઓની સાથે વાતચિત કરે.

મેં અવાજ આપ્યો ‘એ મારા સરદાર! હું પણ આપના પાસે આવવા ચાહુ છુ, જેથી આપ મારી હિદાયત કરો.’ આ સાંભળીને તે નવજવાને મારી તરફ અમૂક કાંકરીઓ ફેંકી જેને મેં વીણી લીધી. લોકોએ પુછ્યુઃ એ નવજવાને તમારી તરફ શું ફેંક્યું? મેં કહ્યુઃ કાંકરીઓ. અને આમ કરીને મુઠ્ઠી ખોલી તો જોયુ કે તે સોનાના ટુકડા હતા.

પછી હું તેમની પાછળ-પાછળ ચાલવા લાગ્યો. ત્યાં સુધી કે હું તેમની સાથે જોડાઇ ગયો. તેમણે મને કહ્યુઃ હવે તો તારી ઉપર મારી હુજ્જત સાબિત થઇ ગઇ, હક જાહેર થઇ ગયુ, અને તને બસીરત મળી ગઇ, તુ જાણે છે હું કોણ છુ? મેં કહ્યુઃ નહી. ફરમાવ્યુઃ હું મહદી(અ.સ.) છુ. હું જ કાએમુઝ્ઝમાન છું. હું જ દુનિયાને અદ્‌લો ઇન્સાફથી એવી રીતે ભરી દઇશ જેવી રીતે ઝુલ્મો-જોરથી ભરેલી હશે. ઝમીન હુજ્જતે ખુદાથી ક્યારેય ખાલી નથી રહેતી. આ અમાનત છે. તેના વિષે તારા એ ભાઇઓને જાણ કરજે જે હક પર છે.

(કમાલુદ્દીન, ભાગઃ૨, બાબઃ૪૩, હદીસઃ૧૮)
(બેહારૂલ અન્વાર, ભાગઃ૫૨, પ્રકરણઃ૧૮, હદીસઃ૧)

અત્યાર સુધીમાં ઘણા બધા લોકો જે ખાનદાને ઇસ્મતો તહારતના ચાહવાવાળા હતા તેઓ પર હઝરત અમીરૂલ મોઅમેનીન(અ.સ.)ના હરમ, બકીઅ અને કાઝમૈનમાં હઝરત ઇમામે અસ્ર(અ.સ.)ની મહેરબાની થઇ છે અને તેનો ઘણી બધી કિતાબોમાં ઉલ્લેખ થયો છે. અહીં આપ હઝરાતની ખિદમતમાં એ તમામ બનાવોનું વર્ણન કરવુ શક્ય નથી. પરંતુ જેવી રીતે લેખની શરૂઆતમાં અરજ કરી કે ઇન્સાન પોતાની કામયાબી અને સફળતાને હાસિલ કરવા માટે એ લોકો સાથે પોતાના સંબંધ વધારે છે, જેઓ તેને કામયાબી સુધી પહોંચાડે છે. આપણી જીંદગીનો મકસદ ઇમામે ઝમાના(અ.સ.)ની ખુશ્નૂદી છે. તેઓ ખાનદાને એહલેબૈત(અ.સ.)ની આખરી

નિશાની છે કે જેમના વુજૂદથી આ દુનિયા કાયમ છે. આપણા માટે તેમના ફૈઝ અને બરકતોનો દરવાજાઓ ખુલ્લા છે. હવે આપણી એ ફરજ છે કે શક્ય તેટલી તેમની બરકતો હાસિલ કરવા માટે પ્રયત્નશીલ રહીએ. જ્યારે પણ આપણે એ પવિત્ર જગ્યાઓની ઝિયારત માટે હાજર થઇએ. (ઇન્શાઅલ્લાહ) તો આ વાતને દિમાગમાં રાખીએ કે આપણા મૌલાનું આવવુ જાવુ અહીં રહે છે.

અય કાશ! કે યુસૂફે ઝહરા(અ.સ.) આપણી ગુનેહગાર આંખોને પોતાના નૂરાની ચહેરાના દીદારથી પાક કરી દે. અય કાશ! આપણા દિલોના અંધકારને તેઓ પોતાના નૂરના જલ્વાથી પ્રકાશિત કરી દે. ખુદા આપણને તૌફીક આપે કે આ પવિત્ર જગ્યાઓમાં પોતાના આકાની હાજરીને મહેસૂસ કરી શકીએ. તે આશિક જ કેવો છે જે પોતાના મહેબૂબના દીદાર માટે તડપે નહી.

દુઆએ નુદબાનું આ વાક્ય....

*''અઝીઝુન અલય્ય અન અરલ્ ખલ્ક વલા તોરા''*

*''મારા ઉપર કેટલુ સખ્ત છે કે હું આખી દુનિયાને તો જોવ, પરંતુ આપ(અ.સ.)ના દીદારથી મહેરૂમ રહુ''*

ઇમામે અસ્ર(અ.સ.)ના ચાહવાવાળાઓની બેચેનીને બયાન કરે છે જે દિવસ-રાત પોતાન આકાની ફક્ત એક ઝલકના ઇચ્છુક છે.

ખુદાવંદે આલમ કાએમે આલે મોહમ્મદ(અ.સ.)ના ઝુહૂરમાં જલ્દી કરે અને આપણને તેમના મુખ્લીસ ગુલામોમાં શામીલ કરે. આમીન.....

---ooo---

**અનુસંધાન પાના નં. ૨૯ થી શરૂ ...**

*નજ્અલહોમુલ્ વારેસીન''*

*''અમે અમારા તે બંદાઓ જેને આ ઝમીન ઉપર કમઝોર કરી દેવામાં આવ્યા, અમે તેને ઇમામ અને અમારા વારિસ બનાવીશું''*

(સુરે કસસ, આયતઃ ૫)

જ્યારે તેમના વારિસ અને તેમનો ખલીફા ઝુહુર કરશે, તો દુનિયાને નવી ઝીંદગી અતા કરશે, જે જન્નતે ફીરદૌસનો અરીસો હશે. કાએનાતના અરીસામાં આ આયતની રોશનીમાં ઇમામ(અ.સ.)ના ઝુહુરના ઇન્તેઝારના નૂર તરફ જોવો, તેનો પ્રકાશ તેજ થતો જાય છે. બસ શર્ત છે આશા અને ઉમ્મીદ તુટવા ન પામે, જ્યાં સુધી અલ્લાહે નિયુક્ત કરેલા એ ખાસ બંદા છે અને ઝમીનના વારિસ છે, તેનાથી લગાવ લાગી રહેશે, ઇમાનના પ્રકાશિત દિવા ઉપર ઝેહરિલી આંધીનું જોર ચાલવાવાળુ નથી. શર્ત છે કે હક રસ્તા ઉપર ચાલવાવાળાના પગ લડખડાવવા ન પામે. સાબિત કદમી, મજબુત ઇરાદો, સતત અમલનો દિવો સીધો રસ્તા ઉપર પ્રકાશિત છે અને હાલના સમયના હાકીમનો ખૈમો, ઝમાનાના ઇમામ(અ.સ.)ના લીધે ઝમીનનું બાકી રહેવું અને ઝમીન ઉપર અદ્લનો પ્રસાર હવે એવું લાગે છે દૂર નથી.

---ooo---

**અનુસંધાન પાના નં. ૮ થી શરૂ ...**

*કરશે, દરેક જગ્યાએ હરીયાળી હશે. તે પોતાને તમામ ઘરેણાંઓથી શણગારેલી હશે, પરંતુ કોઇ પણ તેને તકલીફ નહી પહોંચાડે. કોઇ પણ પ્રકારનો ખૌફ અને બેચૈની નહી હોય.''*

(મજ્લએ ઇન્તેઝાર, ભાગઃ ૧૪, પાનાઃ૨૦૫)

હઝરત અલી(અ.સ.)એ ફરમાવ્યુઃ

*''મહદી(અ.સ.) પોતાના હાકીમો(ગવર્નરો)ને શહેરોમાં મોકલશે, જેથી લોકોની વચ્ચે અદાલતપૂર્વક ફેંસલો કરે. તે સમયે વરૂ અને બકરી એક સાથે રહેશે. બાળકો વીંછીથી રમશે. બૂરાઇઓ દૂર થઇ જશે. નેકીઓ બાકી રહેશે. ખેતી ખૂબજ વધારે ઉગશે. બદકારી, શરાબ અને વ્યાજનો અંત આવશે. લોકો ઇબાદત, શરીઅતની પાબંદી, દીનદારીની તરફ ફરશે. નમાઝે જમાઅત ભવ્યતાપૂર્વક અદા થશે. આયુષ્ય લાંબા થશે. અમાનત અદા કરવામાં આવશે. વૃક્ષો ફળોથી લદાયેલા હશે. બરકતો પૂષ્કળ હશે. બુરા લોકો નાબૂદ થશે. નેકૂકાર બાકી રહેશે અને એહલેબૈત(અ.મુ.સ.)નો કોઇ પણ દુશ્મન બાકી નહી રહે.''*

(મજ્લએ ઇન્તેઝાર, ભાગઃ ૧૪, પાનાઃ૨૦૫)

આ છે હઝરત ઇમામ મહદી(અ.સ.)ની ન્યાયી હુકૂમતની એક ઝલક....

અગર આપણે આપણી આંખોથી હકીકી હુકૂમતને જોવા ચાહતા હોઇએ તો દુઆ કરીએ અને ચારિત્ર્યની સુધારણા કરીને ઝુહૂર માટે જમીનને તૈયાર કરીએ....

---ooo---

# ગયબતના ઝમાનામાં ઔરતોની અમુક જવાબદારીઓ

ક્યારેક દીમાગમાં એ સવાલ ઉત્પન્ન થાય છે કે ઇમામે ઝમાના(અ.સ.) અને વૈશ્વીક હુકુમતની સ્થાપના શું ફક્ત ઐતિહાસીક મહત્વ ધરાવે છે? મતલબ કે સંસ્કૃતિની ઉન્નતિ સાથે ઇમામે ઝમાના(અ.સ.)ની વૈશ્વીક હુકુમતની સ્થાપના, એ એક સ્પષ્ટ હકીકત છે, જે સામે આવી રહી છે. આ હુકુમતની શરૂઆત ક્યારે થશે એ તો ખબર નથી, પરંતુ અલ્લાહનો વાયદો નિશ્ચિત છે. સવાલ એ છે કે શું આટલા પુરતું જાણી લેવુ કાફી છે, કે પછી તેની બીજી જરૂરીયાત પણ છે, કારણ કે આ દુનિયાની હુકુમતની સ્થાપના આજે પણ થઇ શકે છે અને કાલે પણ, અથવા આ કાલ એક અજાણી મુદ્દત સુધી ટળતી રહેશે. પરંતુ શું આ હુકુમતની ઇચ્છા રાખવાવાળો પોતાને એ લાયક બનાવી શકે છે કે આ હુકુમતમાં શ્વાસ લઇ શકે અને શું તેના માટે પોતાની ઝીંદગીનો એવો રસ્તો અપનાવી શકે કે હઝરત હુજ્જત(અ.સ.)ની વિશ્વ હુકુમતના સ્વાગત માટે પોતાને હાજર કરી શકે? આ એક સ્વિકૃત હકીકત છે કે માણસથી સમાજ બને છે, સમાજથી કૌમ અને મીલ્લત બને છે, કારણ કે કૌમ અને મીલ્લતના બનવામાં ઔરતોનો એક ખુબ જ મોટો અને મહત્વનો ભાગ હોય છે. તે માટે દીમાગમાં ઉત્પન્ન થતા ઉપરોક્ત આપેલા સવાલોના જવાબ થકી વાંચકોની અક્લને એ જાણવા દાવત આપીએ છીએ કે આ ગયબતના ઝમાનામાં ઔરતોની શું જવાબદારીઓ છે?

## (૧) ઝુહુર માટે ઝમીન તૈયાર કરવીઃ

જો કે ઇમામ(અ.સ.)ની ગયબતનું કારણ આપણે છીએ, તેથી આપણે પણ ઝુહુરના જલ્દી અને મોડુ થવા માટે જવાબદાર છીએ. તેથી ઝુહુર જલ્દી થાય એ માટે આપણે એવા પગલા લેવા જોઇએ, જે ઇમામ(અ.સ.)ના ઝુહુર માટે ઝમીન તૈયાર કરી શકે અને આપણી કૌમનો દરેક શખ્સ તે કૌમમાં શામીલ થઇ જાય, જે આ મકસદ માટે કામ કરતી હોય. તેથી પયગમ્બરે અકરમ(સ.અ.વ.)ની એક હદીસમાં કહેવામાં આવ્યુ છેઃ

*''પૂર્વમાંથી એક કૌમ નીકળશે જે ઇમામે ઝમાના (અ.સ.)ની હુકુમતની સ્થાપના માટે ઝમીનને તૈયાર કરશે.''*

(સોનને ઇબ્ને માજા, ભાગઃ૨, પાનાઃ૮૮, હદીસઃ૪)

આ તૈયારી શક્ય છે કે સમાજ બનાવવા માટે હોય કે પછી અકલી તરબીયત માટે હોય. કારણ કે અકલની પ્રગતિના સ્વરૂપમાં ઇમામે ઝમાના(અ.સ.)ની હુકુમતનો રસ્તો તૈયાર થશે. ઇમામ બાકિર(અ.સ.)થી મનકુલ છેઃ

*''જ્યારે અમારા કાએમ(અ.સ.) ઝુહુર કરશે, પોતાના હાથોને બંદાઓના માથા પર રાખશે અને તેમની અકલોને એક કેન્દ્રબિંદુ પર કેન્દ્રીત કરી દેશે અને તેમના અખ્લાકને કમાલ સુધી પહોંચાડી દેશે''*

(બેહારૂલ અન્વાર, ભાગઃ૬૨, પાનાઃ૩૩૬, હદીસઃ૭૧)

આ હદીસ પરથી ખ્યાલ આવે છે કે ઇમામે ઝમાના(અ.સ.)નો એક મકસદ લોકોની અકલ અને અખ્લાકની ખામીઓને પુરી કરવાનો છે, જેથી કરીને તે શખ્સ પણ એ ઇલ્મ મેળવે જે તે સમયે તેના માટે જરૂરી હોય. પરીણામે, આ તે લોકો છે જે પ્રયત્નો અને કોશીષો કરીને પોતાના ઇલ્મ અને અખ્લાકના દરજ્જાને બુલંદ કરીને ઇમામે ઝમાના(અ.સ.)ના ઝુહુર માટે ઝમીન તૈયાર કરી શકે છે. આવા લોકો સાબીત કદમ અને ઇલ્મની તલાશ માટે આગળ વધતા રહે છે.

**(૨)** જો કે ઇમામે ઝમાના(અ.સ.)ની હુકુમત ઝીંદગીનો મકસદ છે, તેથી આપણે જોઇએ કે આપ(અ.સ.)ની હુકુમતમાં સંચાલન અને અમલીકરણમાં ઔરતોનું શું સ્થાન હશે અને ગયબતના સમયમાં હઝરત હુજ્જત(અ.સ.)ના પૈગામોમાં ઔરતોને લગતા અમ્ર અને નહ્યમાં તેને શું સંબંધ છે?

## (૩) ઇમામે ઝમાના(અ.સ.)ના અસ્હાબમાં ઔરતોઃ

ઇમામે ઝમાના(અ.સ.)ના અસ્હાબમાં ઔરતોના બારામાં બે રિવાયતો જોવા મળે છે. એક હદીસમાં ઉલ્લેખ છે

કે ઇમામ(અ.સ.)ના અસ્હાબમાં ૧૩ ઔરતો છે અને બીજી હદીસમાં ૫૦ ઔરતોનો ઉલ્લેખ છે. બન્ને હદીસોના અર્થને જોડીએ તો એ તારણ નીકળે છે કે શક્ય છે કે ઇમામ (અ.સ.)ના અસ્હાબમાં ૫૦ ઔરતો છે, જેમાંથી ૧૩ ઔરતો એવી છે, જેઓએ 'રજઅત' કરી હોય અને કબ્રમાંથી બહાર નીકળી હોય અને ઇમામ(અ.સ.)ની હુકુમતમાં ઉચ્ચ ખિદમત અંજામ આપશે.

(૧) મુફઝ્ઝલ ઇબ્ને ઉમર કહે છેઃ મેં ઇમામ સાદિક (અ.સ.)ને ફરમાવતા સાંભળ્યા કે

***''મારા કાએમ(અ.સ.)ની સાથે ૧૩ ઔરતો હશે''***

રાવી કહે છે મેં અર્ઝ કરીઃ તેમનાથી કેવુ કામ લેવામાં આવશે? ઇમામ(અ.સ.)એ ફરમાવ્યુંઃ

***''તેઓ ઝખ્મીઓનો ઇલાજ કરશે અને તેમની દેખભાળ કરશે. બિલ્કુલ તેવી જ રીતે જેવી રીતે રસુલ(સ.અ.વ.)ના ઝમાનામાં ઔરતો કર્યા કરતી હતી''***

રાવી કહે છે મેં અર્ઝ કરીઃ મૌલા મને તેમના નામ બતાવો. ઇમામ(અ.સ.)એ ફરમાવ્યુંઃ

***''કન્વાઅ બીન્તે રશીદ, ઉમ્મે અયમન, હબાબહ વ અલબીય્યાહ, અમ્માર ઇબ્ને યાસીરના વાલેદા સુમય્યા, ઝુબૈદહ, ઉમ્મે ખાલીદ એહમદીયા, ઉમ્મે સઇદ...... અને સબાનહ માજેદહ અને ઉમ્મે ફરવા જહનીયા''***

(દલીલે ઇમામત, પાનાઃ૩૫૯)

(૨) જાબીર ઇબ્ને યઝીદ જોઅફી પાંચમાં ઇમામ હઝરત મોહમ્મદ બાકિર(અ.સ.)થી વર્ણવે છે કે ઇમામ (અ.સ.)એ ફરમાવ્યુંઃ ''અલ્લાહની કસમ, ૩૧૦ થી વધારે લોકો ઇમામ(અ.સ.)ની સાથે આવશે અને તેમની વચ્ચે ૫૦ સ્ત્રીઓ હશે. તેઓ મક્કએ મુકર્રમહમાં કોઇ પણ નિશ્ચિત સમય વિના ભેગા થશે.

(દલીલે ઇમામત, પાનાઃ ૩૫૯)

## ઇમામે ઝમાના(અ.સ.)ના સંદેશાઓઃ

કારણ કે ઇમામે ઝમાના(અ.સ.) દરેક મુસલમાન શીયા મર્દ અને ઔરતના રહેબર છે, તેથી ઇમામે ઝમાના(અ.સ.)ના ઝુહુરનો ઝમાનો અને ઇમામ(અ.સ.)ની હુકુમતનો અંદાઝ આ ઔરતો માટે પણ નમુન એ અમલ બની શકે છે અને તેઓ પણ આ મકસદોને ઝીંદગીમાં શામીલ કરીને તે ઝમાનામાં, જે ગયબતનો ઝમાનો છે, એવો સમાજ આપી શકે છે જે ઇમામે ઝમાના (અ.સ.)ના સમયમાં સમાજનો ભાગ હોય. ઉદાહરણ માટે રિવાયતોમાંથી અમુક રિવાયતો જોઇએ.

### (૧) સમાજના મસાએલમાં શીરકતઃ

જ્યારે સમાજ પ્રગતિ કરીને એવી ઉંચાઇ પર પહોંચી જાય, જેમાં સ્ત્રી અને પુરૂષ અક્લ અને અખ્લાકની બુલંદી પર પહોંચી જાય, તો સ્ત્રીઓ રાજકીય અને સામાજીક બાબતોમાં પણ ઇસ્લામી સંસ્કૃતિનો ખ્યાલ રાખીને ભાગ લે, અને મર્દોની જેમ પોતાની જવાબદારી અદા કરે અને આ વાત બે પ્રકારની રિવાયતોને સાથે સમજવાથી ખ્યાલ આવે છે.

(અ) તે રિવાયતો જે બતાવે છે કે ઝુહુરના સમયમાં ઇન્સાન અક્લ અને અખ્લાકની ઉંચાઇની બધી મંઝીલ પાર કરશે.

(બ) તે રિવાયતો જે ઇમામે ઝમાના(અ.સ.)ના ૩૧૩ અસ્હાબમાં સ્ત્રીઓના સમાવેશનું એલાન કરે છે.

### (૨) ઇસ્લામી સમાજની એકતામાં શીરકતઃ

ઇમામે ઝમાના(અ.સ.)ના હેતુઓમાં એક હેતુ ઇસ્લામી સમાજને એક અને સુવ્યવસ્થિત કરવુ છે. આપણે દુઆએ નુદબામાં પઢીએ છીએ કે (ક્યાં છે એ જે લોકોને તકવાની બુનિયાદ પર લોકોને એક કરી દેશે.) સમાજની ઔરતો પણ પોતાના ઇમામ (અ.સ.)ના હેતુઓને અપનાવીને પોત પોતાની શક્તિ મુજબ ગયબતના ઝમાનામાં પોતાનો કીરદાર અદા કરી શકે છે.

### (૩) ભુલાએલી સુન્નતને જીવંત કરવીઃ

ઔરતો પણ ભુલાએલી સુન્નતને જીવંત કરી શકે છે. જેવી રીતે ઇમામે ઝમાના(અ.સ.)ના બારામાં આપણે પઢીએ છીએ........ તે કુર્આન અને હદીસની ભુલાયેલી સુન્નતને જીવંત કરશે.

### (૪) કુરઆનની તઅલીમઃ

ઔરતો પણ પોતાના ઇમામ(અ.સ.)ની પૈરવી કરતા કુરઆનની મોઅલ્લેમા બની શકે છે. જેમ કે ઇમામે ઝમાના (અ.સ.)ના બારામાં મળે છે, કુરઆન જેવી રીતે નાઝીલ થયુ છે, તેવી જ રીતે ઇમામ(અ.સ.) લોકોને તઅલીમ દેશે.

(બેહારૂલ અન્વાર, ભાગઃ૫૨, પાનાઃ૩૬૨, હદીસઃ૧૩૧)

## (૫) લોકોની તરબીયતઃ

એક કામ જે ઇમામે ઝમાના(અ.સ.) ઝુહુર પછી અંજામ આપશે, તે છે લોકોના અખ્લાકને આખરી મંઝીલ સુધી પહોંચાડવા. ઇમામ મોહમ્મદ બાકિર(અ.સ.)થી એક હદીસ વર્ણવવામાં આવે છેઃ

*''અલ્લાહ તઆલા હઝરત મહદી(અ.સ.)ના વસીલાથી લોકોના અખ્લાકને સંપૂર્ણ કરશે.*

(બેહારૂલ અન્વાર, ભાગઃ૫૨, પાનાઃ૩૩૬, હદીસઃ૭૧)

આ હદીસ મર્દ અને ઔરત બન્નેને લાગુ પડે છે. જેવી રીતે પુરૂષ અખ્લાકની ઉંચી મંઝીલોને પાર કરશે, તેવી રીતે ઔરતો પણ. આ હદીસમાં અખ્લાકના કમાલ પર પહોંચવુ એ ઇમામે ઝમાના(અ.સ.) ચાહે છે તે રીતે. તેમાં એક પૈગામ છુપાએલો છે જે ઔરતો માટે છે. આ દૌરની નસ્લ જ્યારે પોતાના સમયની સાથે પરવાન ચઢશે, તે આ જ અખ્લાક દ્વારા દરેક માઁ એ તરબીયત, પરવરીશ અને પરહેઝગારીનો સબક આપવો પડશે. જેથી સમાજ હંમેશા ઇમામે ઝમાના(અ.સ.)ની હુકુમતના ફીત્ના-ફસાદ અને બુરાઇઓથી પાક રહે.

## (૬) લોકોની મુશ્કેલીઓને ઉકેલવાની કોશીષ કરવીઃ

ઇમામે ઝમાના(અ.સ.)ના અઝીમ લકબોમાંથી એક લકબ (ગવ્સ) છે. એક હદીસમાં વારીદ થયું છે કે 'મહદી (અ.સ.) મારી ઉમ્મતમાં ઝુહુર કરશે અને ખુદાવંદે આલમ તેમને લોકોની ફરીયાદ સુધી પહોંચાડશે'

(કશફુલ ગુમ્મહ, ભાગઃ૨, પાનાઃ ૩૭૦)

ઔરતો પણ પોતાના ઇમામ(અ.સ.)ની પૈરવીમાં પોતાની શક્તિ પ્રમાણે એ જ રીતે પરમીશન મેળવશે, જેવી રીતે તે ઝમાનાના મર્દ. આ રીતે ઇમામે ઝમાના (અ.સ.)નો આ સંદેશ હશે કે સ્ત્રીઓને પણ હક છે કે એ ફરીયાદ કરી શકે છે.

## (૭) સમાજની સુધારણાઃ

સ્ત્રીઓ પોતાના ઇમામ(અ.સ.)ની સીરત પર અમલ કરતા પોતાની શક્તિ પ્રમાણે સમાજની સુધારણામાં મર્દોની સાથે ખભાથી ખભો મેળવીને પોતાની હદમાં રહીને કામ કરતી રહે. ઇમામે ઝમાના(અ.સ.) માટે મળે છે કે અલ્લાહ તેમના થકી તમામ ખરાબીઓ અને બુરાઇઓને દૂર કરી દેશે.

(બુરહાને મુત્તકી હીન્દી, પાનાઃ૧૩૨)

## (૮) અલ્લાહની રાહ પર મજબુતીથી અમલઃ

ઔરતો પોતાની ઔલાદ અને સમાજની તરબીયત માટે મક્કમપણે ખુદાના હુકમ પર અમલ કરતી હોય. ફક્ત અને ફક્ત તકવા અને નેકી તરફ દઅવત આપે. જેમ કે ઇમામે ઝમાના(અ.સ.)ની પવિત્ર સીરતમાં હક તરફ દાવત આપવાનું જોવા મળે છે. ઇમામ જઅફરે સાદિક(અ.સ.) નક્લ કરે છેઃ

*''તે તકવા તરફ નિર્દેશ કરશે અને ખુદ હિદાયત કરશે''*

(બેહારૂલ અન્વાર, ભાગઃ૫૨, પાનાઃ૨૬૯, હદીસઃ૧૫૮)

આ હદીસ આકીબને લાગુ પડે છે, જેમાં ઔરત અને મર્દ બંનેનો હીસ્સો (ભાગ) છે.

## (૯) ઇબાદતનો શોખ અને પ્રોત્સાહન આપવુંઃ

ઔરતો માટે જરૂરી છે કે ઇમામે ઝમાના(અ.સ.)ની જેમ પોતે અને સમાજને ઇબાદતના ચાહક બનાવે અને એવુ કાર્ય કરે કે સમાજના લોકો પોતાની તરબીયતમાં ઇબાદતને ગળે લગાડે. પૈગંબરે અકરમ(સ.અ.વ.)થી વર્ણવવામાં આવ્યું છેઃ

*''ઇમામ લોકોના દિલોને ઇબાદતના આશીક બનાવી દેશે''*

(બેહારૂલ અન્વાર, ભાગઃ૫૧, પાનાઃ૭૫, હદીસઃ૨૯)

આ સંદેશામાં પણ ઇબાદતની તરફ શોખ પૈદા થવું ઇમામે ઝમાના(અ.સ.) તરફથી છે અને ઔરત અને મર્દ બંને માટે છે.

## (૧૦) ખ્વાહીશાતોની ગુલામીમાંથી લોકોની આઝાદીઃ

ઔરતો એ કોશીષ કરે કે તેમની તરબીયત પામેલી નસ્લ ખ્વાહીશાતની ગુલામીમાંથી આઝાદ થઇ જાય. જેમકે ઇમામે ઝમાના(અ.સ.) માટે મળે છે કે 'અલ્લાહ તઆલા તેમના વસીલાથી ગુલામીની ઝીલ્લત (ખ્વાહીશાતોને) તેમની ગરદનોથી અલગ કરી દેશે'

(બેહારૂલ અન્વાર, ભાગઃ૫૨, પાનાઃ૭૫, હદીસઃ૨૬)

## (૧૧) ન્યાય ફેલાવવોઃ

ઔરતો પણ પોતાના ઇમામ(અ.સ.)ની ઝીંદગીને નમુનએ અમલ બનાવતા અદ્લ અને ઇન્સાફ માટે કોશીષ કરે, જેમકે રિવાયતોમાં આવ્યુ છે કે 'ખબરદાર! અલ્લાહની કસમ, ચોક્કસ હઝરત મહદી(અ.સ.) પોતાની અદાલત તમારા ઘરો સુધી પહોંચાડી દેશે, જેવી રીતે તમારા ઘરોમાં ગરમી અને ઠંડી

પ્રવેશી જાય છે'

(બેહારૂલ અન્વાર, ભાગ:૫૨, પાના:૩૭૨, હદીસ:૧૩૧)

## (૧૨) નમાઝ કાએમ કરવી:

ઝૈદ બીન અલીથી નક્લ થયુ છે કે જ્યારે કાએમે આલે મોહમ્મદ(અ.સ.) ઝુહુર કરશે, તો ઈર્શાદ ફરમાવશે, 'અય લોકો! અમે એ છીએ જેનો વાયદો અલ્લાહ તઆલાએ તમને કુરઆનમાં કર્યો છે' અને ફરમાવે છે:

*''અગર અમે તેમને ઝમીન પર તાકત અને શક્તિ આપીએ તો તે લોકો નમાઝ કાએમ કરશે''*

(બેહારૂલ અન્વાર, ભાગ:૫૨, પાના:૩૭૨, હદીસ:૧૪૪)

ઈમામ(અ.સ.)ના આ પૈગામમાં જેવી રીતે નમાઝ કાએમ કરવા માટે મર્દોને જવાબદાર ઠેરવ્યા છે, બરાબર તેવી જ રીતે સ્ત્રીઓને ઉપર પણ આ જવાબદારી લાગુ પડે છે.

## (૧૩) અમ્ર બીલ મઅરૂફ અને નહ્ય અનીલ મુન્કર:

એક હદીસમાં ઈમામે ઝમાના(અ.સ.)ના અસ્હાબ, ઔરતો અને મર્દો માટે વારીદ થયુ છે કે તે લોકો અમ્રબીલ માઅરૂફ અને નહ્યઅનીલ મુન્કર કરવાવાળા હશે.

(મુન્તખબુલ અસ્ર, પાના:૫૮૧, હદીસ:૪)

આ કારણથી જો સમાજની મોઅમેના સ્ત્રીઓ ઈમામે ઝમાના(અ.સ.) અને તેમના અસ્હાબમાં શામીલ થવા ઈચ્છે છે, તો તેમને જોઈએ કે આ વાજીબાતને સમાજમાં જીવંત કરે અને સમાજની સુધારણામાં પોતાનો મહત્વનો કિરદાર અદા કરે.

## (૧૪) તકલીફ ઉપાડવી:

સ્ત્રીઓ ઈમામે ઝમાના(અ.સ.)ના અસ્હાબને પોતાના આદર્શ ઠેહરાવતા સંઘર્ષ અને પ્રયત્ન અને તકલીફ ઉપાડવાવાળી બને. જેમકે હઝરત રસુલે અકરમ(સ.અ.વ.)થી નક્લ થયુ છે કે પૈગંબરે અકરમ(સ.અ.વ.)એ ઈમામે ઝમાના(અ.સ.)ના અસ્હાબના બારામાં ઈરશાદ ફરમાવ્યુ છે:

*''અલ્લાહ તઆલા દૂરના શહેરોમાંથી બદ્રવાળાઓની સંખ્યાની બરાબર (૩૧૩) લોકોને ભેગા કરી દેશે. જે સઘળા તકલીફ ઉપાડવાવાળા અને અલ્લાહની ઈતાઅત માટે મુસીબતો અને દુ:ખ ઉપાડવાવાળા હશે''*

(બેહારૂલ અન્વાર, ભાગ:૫૨, પાના:૩૧૦)

ગૈબતે કુબરાના ઝમાનામાં આ કારણથી, જાણે કે ઈમામે ઝમાના(અ.સ.)નો આ સંદેશ તમામ નેક આદત અને નેક સીરતવાળી સ્ત્રીઓ માટે છે, કે તે દૌર માટે તકલીફ ઉપાડવા, મુસીબત, દુ:ખ અને દર્દ ઉપાડવા માટે તૈયાર રહે.

## (૧૫) ઈલ્મને ફેલાવવામાં પ્રયત્ન અને તકલીફ:

રસુલે અકરમ(સ.અ.વ.)થી ઈમામે ઝમાના(અ.સ.)ના અસ્હાબના માટે નક્લ થયુ છે:

*''ખુદાવંદે આલમ તેમના થકી ઝમીનને ઘટાટોપ અંધકાર પછી નૂરથી મુનવ્વર કરી દેશે અને ઝુલ્મ પછી ન્યાયથી અને અજ્ઞાનતા પછી ઈલ્મ અને અદબથી ભરી દેશે''*

(કમાલુદ્દીન, પાના:૩૧૦)

નૂર અને નૂરનુ જ રાજ્ય હશે, ત્યાં ન્યાય અને ઈન્સાફ પર આધારીત નિયમોની સ્થાપના કરવી અને તેનુ અમલીકરણ કરવુ ફક્ત મર્દો દ્વારા નહી થાય, પરંતુ ઔરતો પણ હશે. અહીં પર ઈમામે ઝમાના(અ.સ.)નો એ સંદેશ છે કે ઔરતોએ પોતે તૈયાર રહેવુ પડશે, જેથી ચુંટાએલી ઔરતોની યાદીમાં તેમનું નામ બાકી રહે.

## (૧૬) મહત્વના દિવસોથી ફાયદો ઉપાડે:

સ્ત્રીઓ ઈમામે ઝમાના(અ.સ.)ને પોતાનો આદર્શ અને નમુનો ઠેહરાવતા મહત્વના કાર્યોને ખાસ દિવસોમાં અંજામ આપે, જેમકે ઈમામે ઝમાના(અ.સ.) માટે ઈમામ બાકિર (અ.સ.)ની એક હદીસથી આપણને ખ્યાલ આવે છે.

*''જેમકે કાએમ(અ.સ.)ને આશુરાના દિવસે, શનીવારના દિવસે, જાણે હું જોઉ છુ કે રૂકન અને મકામની વચ્ચે ઉભા છે અને તેમને કોઈ અવાઝ આપી રહ્યુ છે: અલ્લાહ માટે બયઅત કરો. તે સમયે અલ્લાહ તઆલા ઝમીનને અદ્લ અને ઈન્સાફથી ભરી દેશે, જેવી રીતે ઝુલ્મ અને અત્યાચારથી ભરેલી હશે.*

(ગૈબતે તુસી, પાના:૪૨૩, હદીસ:૪૦૯)

## (૧૭) બીજાઓ સાથે નમ્રતા:

સ્ત્રીઓ બીજી મોઅમીન સ્ત્રીઓ સાથે નમ્ર હોય. જેમકે ઈમામે ઝમાના(અ.સ.)ના અસ્હાબની ખાસીયતોમાં છે, ઈમામ સાદિક(અ.સ.)થી મન્કુલ હદીસમાં વારીદ થયુ છે:

*''ઈમામના અસ્હાબ મોઅમીનો સામે નમ્ર અને કાફીરોની સામે સૌથી વધારે ઈઝ્ઝત અને શરફના*

*માલીક હશે''*

(ગૈબતે નોઅમાની, પાનાઃ૩૧૬, પ્રકરણઃ૨૧, હદીસઃ૧૨)

## (૧૮) એકલતાથી ગભરાવવુ નહીઃ

જ્યારે ઇન્સાન હકને પામે, ભલે પછી તેના માનવાવાળા ઓછા હોય, તો એકલતા અને દોસ્તોની કમીના કારણે ગભરાય નહી અને ડરે પણ નહી. ઇમામે ઝમાના(અ.સ.)ના માટે મળે છેઃ 'હક અમારી સાથે છે. જે પણ અમારાથી અલગ થઇ જાય છે, તો તેના જુદા થવાથી અમે ડરતા નથી'

(બેહારૂલ અન્વાર, ભાગઃ૫૩, પાનાઃ૧૭૮, હદીસઃ૯)

## (૧૯) સારા લોકો સાથે હળવું-મળવુંઃ

ઇમામે ઝમાના(અ.સ.) જ્યારે કે એકલા પુરી દુનિયાની દેખભાળ કરી શકે છે અને ખુબ જ સારી રીતે ચલાવી શકે છે. પરંતુ પોતાના મકસદને મહાન સુધારક, હઝરત ઇસા (અ.સ.)ની મદદથી હાસિલ કરશે. આ કારણથી રસુલુલ્લાહ(સ.અ.વ.)ની એક હદીસમાં વારીદ થયુ છેઃ

*''ઇસા ઇબ્ને મરયમ(અ.સ.) આસમાનથી નાઝીલ થશે અને ઇમામ(અ.સ.)ની પાછળ નમાઝ પઢશે.....''*

(ફરાએદુસ્સીબતૈન, ભાગઃ૨, પાનાઃ૩૧૨)

અને આ કાર્ય કરવાનો તરીકો ખુબ જ ફાયદામંદ છે. સ્ત્રીઓ પણ આમાંથી સબક લેતા, આ બાબતમાં પણ ઇમામ(અ.સ.)ની પૈરવી અને ઇતાઅત કરે.

## (૨૦) સીલે રહેમઃ

ઇમામે ઝમાના(અ.સ.) માટે મળે છે કે 'ઇમામ(અ.સ.) સૌથી વધારે સીલે રહેમ કરશે. જેમકે હદીસમાં વારીદ થયુ છેઃ

*''તેઓ સૌથી વધારે સીલે રહેમ કરશે''*

(ગૈબતે નોઅમાની, પાનાઃ૪૧૨, પ્રકરણઃ૧૩, હદીસઃ૧)

મુસલમાન અને શીયા મોઅમીન સ્ત્રીઓએ પણ ઇમામ (અ.સ.)ને પોતાના નમુનએ અમલ ઠેહરાવતા ઇમામ (અ.સ.)ની સુન્નત પર કડકાઇથી અમલ કરે, બલ્કે સંપૂર્ણ રીતે ઇમામ(અ.સ.)ની સીરત અને સુન્નતને જીવંત કરે.

## (૨૧) નમાઝે શબ પઢેઃ

ઇમામે ઝમાના(અ.સ.)ના અસ્હાબો માટે ઇમામ સાદિક(અ.સ.)થી નકલ થયુ છેઃ

*''તેઓ બધા રાત્રે ઇબાદત કરવાવાળા હશે. તે લોકો એવા મર્દ છે જેઓ રાત્રીના સુતા નથી. નમાઝે શબમાં એવી રીતે રાઝો નિયાઝમાં મશ્ગુલ રહે છે જેવી રીતે મધ માખી. રાત્રીના કયામમાં પોતાના પગ પર ઉભા રહે છે.......''*

(બેહારૂલ અન્વાર, ભાગઃ૫૨, પાનાઃ૩૦૮)

કારણ કે ઇમામ(અ.સ.)ના અસ્હાબમાં સ્ત્રીઓ પણ હશે તેથી આ સિફત પણ તેમનામાં જોવા મળશે અને તેમનો સંદેશ મુસલમાન ઔરતો માટે એ છે કે અગર આપણે ગૈબતના ઝમાનામાં ઇમામે ઝમાના(અ.સ.)ના મદદગારોમાં શામિલ થવા ઇચ્છીએ છીએ તો જરૂરી છે કે આપણે નમાઝે શબને પોતાની ઝીંદગીના દિવસ અને રાતમાં શામિલ કરી લઇએ.

## (૨૨) અમાનતદારીઃ

શીયા, મોઅમીન સ્ત્રીઓ પોતાના ઇમામ(અ.સ.)ની ઇતાઅત કરતા જરૂરી છે કે અમાનતદાર હોય, કારણ કે ઇમામે ઝમાના(અ.સ.) માટે મળે છે કે 'તેઓ તમામ ચીજોની હિફાઝત કરશે, જે તેમની પાસે અમાનત તરીકે રાખવામાં આવશે'

(બેહારૂલ અન્વાર, ભાગઃ૫૨, પાનાઃ૨૬૯, પાનાઃ૧૫૮)

મોઅમીન અને શીયા સ્ત્રીઓએ પણ પોતાના ઇમામ(અ.સ.)ને આદર્શ ઠહેરાવતા એ કોશીષ કરવી જોઇએ કે પુરી રીતે અમાનતનુ રક્ષણ કરે. અલ્લાહની અમાનતોમાં એક અમાનત ઔલાદ પણ છે. ઔલાદની સાચી તરબીયત પણ અમાનતદારીની એક માંગ છે.

## (૨૩) અમલમાં ખુલુસતાઃ

શીયા મોઅમીન ઔરતો અને ઇમામે ઝમાના(અ.સ.)ના સાચા ચાહવાવાળાઓના અમલમાં ખુલુસતા હોવી જરૂરી છે. જેવી રીતે ઇમામે ઝમાના(અ.સ.)ના અસ્હાબના માટે ઇમામ જવાદ(અ.સ.)થી મળે છેઃ

*''જ્યારે આં હઝરત(અ.સ.)ના માટે એ સંખ્યામાં મુખ્લીસ શીયા મળી જશે, અલ્લાહ તઆલા તેમના માટે ઝુહુરનો હુકમ આપશે''*

(કમાલુદ્દીન, ભાગઃ૨, પાનાઃ૩૭૭)

## (૨૪) કોઇની ટીકાથી ન ડરવુંઃ

મોમીન સ્ત્રીઓ બુરાઇ કરવાવાળાઓની બેઇઝ્ઝતીથી ગભરાશે નહી, પરંતુ જે સાચા રસ્તાને તેઓએ ઓળખી લીધો છે, તેના પર મક્કમ રહેશે. જેમકે ઇમામે ઝમાના(અ.સ.) અને

બીજા ઇમામોની ખાસીયતોમાં વારીદ થયુ છેઃ 'અલ્લાહની રાહમાં ટીકા કરવાવાળાઓની ટીકાથી ગભરાતા નથી'

(બેહારૂલ અન્વાર, ભાગઃ૫૨, પાનાઃ૩૫૪, હદીસઃ૧૮૬)

## (૨૫) અમલ પગલા ઉપાડવા પહેલા દલીલ રજુ કરવીઃ

ઇમામ મોહમ્મદ બાકિર(અ.સ.)થી નકલ થયુ છેઃ

*''યકુલુલ્ કાએમો લે અસ્હાબેહી યા કવ્મો ઇન્ન અહલ મક્કત લા યરવનની વલાકીન મુરસલુન એલયહીમ લ એહતજ્જ અલયહીમ બેમા યમ્બગી લે મીસ્લી અન્ યહતજ્જ અલયહીમ ફયદઉ રજોલોહુ મીન અસ્હાબેહી ફ યકુલો લહુ ઇમ્ઝ એલા અહલ મક્કતે ફ કુલ યા અહલ મક્કત અના રસુલો ફુલાનુન એલયકુમ......''*

*''કાએમ(અ.સ.) પોતાના અસ્હાબને કહેશે, અય મારી કૌમના લોકો! બેશક મક્કાના લોકો મને નથી જોઇ રહ્યા, પરંતુ હું કોઇકને મારો સંદેશાવાહક બનાવીને તેમની પાસે મોકલી રહ્યો છું, જેથી મારી તરફથી તેમના પર હુજ્જત તમામ થઇ જાય. તેથી પોતાના એક અસ્હાબને બોલાવીને કહેશેઃ મક્કાના લોકો પાસે જાવ અને તેમને કહોઃ અય મક્કાના લોકો! હું ફલાણા (હઝરત મહદી(અ.સ.))નો સંદેશાવાહક તમારી પાસે આવ્યો છું''*

(બેહાર, ભાગઃ૫૨, પાનાઃ૩૭, પ્રકરણઃ૨૬, હદીસઃ૮૧)

મોમીન સ્ત્રીઓની જવાબદારી છે કે પોતાના બચ્ચાઓની તરબીયત અથવા સમાજની તરબીયતના સમયે આ વાતને ખાસ કરીને ધ્યાનમાં રાખે કે પહેલા તેમની સામે અકલી દલીલ રજુ કરે અને અગર તેમની દલીલનો જવાબ ન આપે તો પછી પગથીયાવાર અમલીકરણ કરાવે.

## (૨૬) ગુમરાહીથી મુકાબલો કરવોઃ

ઇમામ અલી(અ.સ.)થી હઝરત ઇમામ મહદી (અ.સ.)ના માટે નકલ થયુ છે કેઃ

*''તે આખરી ઝમાનામાં જાહેર થશે અને હકમાં જે ફેરબદલી થઇ છે તેની સુધારણા કરશે''*

(બેહાર, ભાગઃ૪૨, પાનાઃ૨૧૫, હદીસઃ૬)

સમાજની મોઅમીન સ્ત્રીઓ માટે જરૂરી છે કે પોતાના મૌલાની ઇતાઅત કરે અને પોતાની શક્તિ પ્રમાણે આ મકસદને હાસિલ કરવાની કોશીષ કરે, ભલે પછી તે અમુક હદ સુધી જ કેમ ન હોય, જેથી ઇમામ(અ.સ.)ના ઝુહુર માટે ઝમીન તૈયાર કરવામાં મદદ થાય.

## (૨૭) મોઅમીનની આબરૂ સાથે રમત ન કરવીઃ

ઇમામ અલી(અ.સ.)થી નકલ થયુ છેઃ

*''એ ચીજોનો કે જેનો ઇમામે ઝમાના(અ.સ.) પોતાના અસ્હાબથી વાયદો લેશે, જેમાં ઔરતો પણ શામીલ છે, એ કે કોઇ મોઅમીનની આબરૂ અને ઇઝ્ઝતથી રમવુ નહી''*

ઇમામ(અ.સ.) ફરમાવે છેઃ

*''તે લોકો ઉસુલ અને કાયદાઓ પર બયઅત કરશે, જેમાંથી એ છે કે કોઇ ઇઝ્ઝતવાળાની ઇઝ્ઝત બરબાદ નહી કરે અને કોઇને અપશબ્દ ન કહે અને કોઇ ઘર પર હુમલો નહી કરે અને કોઇને હક વગર નહી મારશે''*

(મુનતખબુલ અસર, પાનાઃ૧૮૩, પ્રકરણઃ૨, હદીસઃ૫)

મોઅમીન સ્ત્રીઓ પણ પોતાની વાતો અને ચાલચલણ પર નઝર રાખે અને કોઇ ઇઝ્ઝતદારની ઇઝ્ઝત પર હાથ ન મારે અને કોઇને કારણ વગર ખરાબ ન કહે.

## (૨૮) ગરીબોને ખાણુ ખવરાવવુંઃ

પૈગંબરે અકરમ(સ.અ.વ.)થી ઇમામે ઝમાના (અ.સ.)ના બારામાં નકલ થયુ છેઃ

*''જાણે કે મહદી(અ.સ.) પોતાના હાથોથી ગરીબોને સિક્કા આપી રહ્યા છે''*

(મુનતખબુલ અસર, પાનાઃ૩૬, અકદુદ્દર, પાનાઃ૩૬)

અને એવી જ રીતે આ પણ નકલ થયુ છે કેઃ

*''ઇમામ મહદી(અ.સ.)ની નીશાની એ છે કે તે કામ કરવાવાળાઓની સાથે કડકાઇ કરશે અને પોતાના માલથી તેમની સાથે સખાવત કરશે અને ગરીબો પર રહેમ કરશે''*

(અલામતુલ મહદી, ઇબ્ને અલી શૈબતહ, હદીસઃ૧૫, પાનાઃ૧૯૯, હદીસઃ૧૯૪૯૮)

શીયા મોઅમીન સ્ત્રીઓ પણ ઇમામે ઝમાના(અ.સ.)ની સીરત પર અમલ કરતા પોતાની તાકત પ્રમાણે મીસ્કીનને ખાણું ખવરાવી શકે છે. ત્યાં સુધી કે ગરીબોને પોતાના હાથથી ખાણું આપી શકે છે, જેથી સમાજમાં ઇમામે ઝમાના (અ.સ.)ની સિરત પ્રકાશિત થાય અને જોવામાં આવે.

## (૨૯) ઇલ્મ ફેલાવવામાં શીરકત કરવીઃ

પૈગંબરે અકરમ(સ.અ.વ.)થી ગૈબતના ઝમાના માટે

નક્લ થયુ છેઃ

***''ખુબ જ નઝદીકમાં એવો ફિત્નો પૈદા થશે કે ઈન્સાન સવારે મોઅમીન હશે પરંતુ અસ્રના સમયે કાફીર થઈ જશે, સિવાય કે તે લોકો જેઓને અલ્લાહ તઆલાએ પોતાના ઈલ્મ વડે જીવંત રાખ્યા છે''***

(અલ મોઅજમુલ કબીર તબરાની, ભાગઃ૮, પાનાઃ૨૮૮, હદીસઃ૧૯૧૦)

મોઅમીન સ્ત્રીઓ પણ સમાજને ઈલ્મના રસ્તા વડે જીવંત કરવા માટે પોતાની ભુમિકા અદા કરી શકે છે અને તે એ રીતે કે પોતે મહેનત થકી ઈલ્મ હાસિલ કરે અને બીજાને આલે મોહમ્મદ(અ.મુ.સ.)ના ઈલ્મથી સજાવી દે.

## (૩૦) શીયાઓ દરમિયાન ઈખ્તેલાફ (વાંધાઓ) દૂર કરેઃ

ઈમામ હુસૈન(અ.સ.)થી નક્લ થયુ છે કેઃ

***''જે વસ્તુનો તમે ઈન્તેઝાર કરી રહ્યા છો, તે ત્યાં સુધી નહી થશે જ્યાં સુધી તમે એક બીજાથી નફરત નહી કરો અને એક-બીજાના મોઢા પર થુંકો અને એક-બીજાની વિરૂધ્ધ ગવાહી આપો અને એક બીજાને લઅનત કરો''***

મેં ઈમામ(અ.સ.)થી અર્ઝ કર્યુઃ શું એ ઝમાનામાં ભલાઈ નહી હોય? ઈમામ હુસૈન(અ.સ.)એ ફરમાવ્યુંઃ

***''બધી ભલાઈઓ તે ઝમાનામાં છે. જ્યારે અમારા કાએમ(અ.સ.) ઝુહુર કરશે અને આવી તમામ ચીજોને ખત્મ કરી નાખશે''***

(ગૈબતે નોઅમાની, પાનાઃ૨૦૬)

મોઅમીન સ્ત્રીઓ પોતાના મૌલાની સિરત પર અમલ કરતા સમાજમાંથી ઈખ્તેલાફ ખત્મ કરવા માટે પોતાનાથી બને ત્યાં સુધી કોશીષ કરી શકે છે અને પોતાને ઈમામ(અ.સ.)ના અનુયાયી બનાવવા માટે આ સિફતોથી પોતાને સજાવી શકે છે.

### તારણઃ

ઈન્સાન વિવિધ સ્તરે સમાજમાં ઈમામે ઝમાના (અ.સ.)ની સિરત પર અમલ કરતા ઝુહુર માટે ઝમીનને તૈયાર કરવા માટે પ્રયત્ન અને સંઘર્ષ કરી શકે છે અને કારણ કે સમાજ સ્ત્રીઓ અને પુરૂષો વડે અસ્તિત્વમાં આવે છે, તેથી ગૈબતના ઝમાનામાં બંનેએ પોત-પોતાની જવાબદારીઓ પુરી કરવી જોઈએ.

---ooo---

**અનુસંધાન પાના નં. ૩૦ થી શરૂ ...**

રાખે છે અને ઈન્સાફ તેની સમજશક્તિમાં છે, જે ઉંડા વિચાર તરફ આમંત્રણ આપે છે. જરા નજર ફેરવો અને હિસાબ લગાવો કે કઈ રીતે ઝમીન ઝુલ્મો સિતમથી ભરાઈ રહી છે અને કઈ રીતે મરી રહી છે.

ખતરનાક બોમ્બની શોધઃ ડ્રાય બોમ્બ, મલ્ટી પલ બોમ્બ, કેમીકલ બોમ્બ, ન્યુકિલાઈ બોમ્બથી લદાએલ મિસાઈલ, એટમ બોમ્બ (અણુ બોમ્બ), હાઈડ્રોજન બોમ્બ અને ખબર નહી કેટલા ખતરનાક બોમ્બ છે, જે શક્તિશાળી દેશોએ રહસ્યમય રીતે રાખેલા છે. વિમાનોમાં ખાસ નિશાન ઉપર હુમલો કરવાવાળુ યંત્ર, બોમ્બમારી કરવાવાળા વિમાન, સેટેલાઈટથી નિશાન ઉપર બોમ્બ ફેંકવા માટે વિમાનમાં કોમ્પ્યુટર, પાણીમાં મોટા મોટા જહાજોના સમૂહો, લશ્કરી સબમરીન જે પાણીની અંદર ચાલીને બધુ તબાહ કરવા માટે તૈયાર છે. દેશોમાં સૌથી વધારે ખતરનાક દેશ અમેરીકાના ઝુલ્મોના લીધે મીડીઆ, સલામતી કાઉન્સીલ, ઈન્સાનોના હકનુ રક્ષણ કરવાવાળા ગ્રુપો આ બધા તેના ઈશારા ઉપર નાચે છે. ડહાપણનું નામ ગાંડપણ અને ગાંડપણનું નામ ડહાપણ પડી ગયું. હાલમાં જ બેહરૈનના વિરોધ પ્રદર્શન કરવાવાળા ઉપર ઝુલ્મ, એક તરફથી ઈમરજન્સી અને બીજુ ઉપરથી હેલીકોપ્ટર દ્વારા ગોળીઓનો વરસાદ. ત્રીજી બાજુ ઘાયલ થયેલા લોકો પાસે ડોક્ટરો અને નર્સોને જવા પર પ્રતિબંધ. સાઉદી અરબ જે હરમ (પવિત્ર કાબા)ના રક્ષક છે તેના સિપાહીઓ બેગુનાહ લોકો, હકનો અવાજ ઉઠાવવાવાળાને વિદ્રોહી સાબિત કરીને મારી રહ્યા છે. તેમની છોકરીઓને ઉપાડીને લઈ ગયા. પોતે જેવુ ચાહે તેવુ વર્તન કરે. ઈઝરાઈલ જેવી ભાષા અને તેની જેવું વર્તન કરનાર સાઉદી, મુસલમાનો ઉપર બળજબરીનો ફંદો ખેંચતા જાય છે. પછી આતંકવાદી નામ જે મુસલમાનો અને જેહાદીઓ માટે પ્રખ્યાત છે. ચારે બાજુ આફત જ આફત છે. ઝમીન આ ખુન વરસાવતા વાદળોની છાયામાં અંતિમ શ્વાસ લઈ રહી છે. બસ અલ્લાહનું ફરમાન, તેનો વાયદો અટલ છે અને તે સાચો થઈને રહેશે. તેનો વાયદો છે કે તે ઝમીનને નવુ જીવન આપશે, તે જરૂર થઈને રહેશે. તે ન તુટવાવાળા ઈરાદાની વધારે સમજણ અને ઈશારા આ અલ્લાહ તઆલાના કલામમાં મૌજુદ છે.

***''વ નોરીદો અન્નમુન્ન અલલ્ લઝીનસ્ તુઝ્અફૂ ફીલ્ અર્ઝે વ નજ્અલહુમ્ અઈમ્મતવ્ વ***

**અનુસંધાન પાના નં. ૨૨ ઉપર ...**

**અનુસંધાન પાના નં. ૧ થી શરૂ ...**

કરોડ રૂપીયા. ઇલ્મની તરક્કી ઉપર ચિંતન અને મનન અને ભૌતિક માધ્યમો ઉપર યકીનનો એ એહસાસ જેનો સબંધ રૂબુબીયતની શાન અને આલમીનની ખિલ્કત તેની બકા છે. સમજ શક્તિ થોડી થોડી ઓછી થતી જશે એટલા માટે કે અચંબિત અક્લ ઇલ્મની તરક્કી સામે અંજાય જાય છે. પશ્ચિમના દેશોના સંસ્કારમાં અશ્લીલતા અને નફસ પરસ્તી અને હવસખોરીની ખરાબ અને ધૃણાજનક રીતો અને કાર્યોની પ્રસિધ્ધિ (ફેલાવો), એક રાજ્ય એવુ પણ છે જેના રહેવાસીને મફત લોહીનો વેપાર, એક કબીલો જે નગ્ન રહે છે, સજાતીય લગ્નો એટલે કે પુરૂષ-પુરૂષ અને સ્ત્રી-સ્ત્રી વચ્ચેના લગ્નને કાયદાકીય મંજુરી, માસુમ બાળકોને કૈદ કરીને ખ્વાહીશાતની પ્યાસને બુજાવવી અને અદાલતમાં આવા કેસોની ખબરનુ પ્રસિધ્ધ થવું, શૈતાનનો આ સમય જે શરાબના વધુ પડતા ઉપયોગમાં ગુનાહે કબીરાથી ભરેલો છે. એક વિજય હાસીલ કરેલા પરચમની સાથે નવી સંસ્કૃતિ અને ઇન્સાનીયતના રક્ષણનું ચારે બાજુ એલાન અને દુન્યવી સ્તરે તેની પરવાનગી ઉપર ચર્ચા જાણે કે દુનિયાને ઇમામ(અ.સ.)ના ઝુહુરની નિશાનીઓના બારામાં થયેલી આગાહીઓની સચ્ચાઇની ખબર આપી રહી છે, જે આખરી ઝમાનામાં ઝુહુર પહેલા જાહેર થશે. એકદમ સ્પષ્ટ છે કે આ હાલતમાં ઇમામ(અ.સ.)ની મઅરેફત હાસીલ કરવા માટે જે માણસો આગળ આવશે, તેની સંખ્યા ખુબ ઓછી હશે.

## કાએનાતના નિઝામનું પરિણામઃ

આટલી ભયાનક અને આવા પ્રચારની અવાજો માણસોના કાન સુધી એજ સમયે પહોંચે છે, તો તે સમયે આવી હાલતમાં ગુનાહ તરફ પ્રોત્સાહન કેટલુ આસાન અને ઇમાન ઉપર કાએમ રહેવુ કેટલુ મુશ્કીલ અને સબ્રના ઇમ્તેહાનવાળુ છે. ખાસ કરીને એવા બિનઅનુભવી નૌજવાનો માટે જે પોતાની કારકિર્દી બનાવવા માટે દરેક હદને તોડીને પશ્ચિમી દેશો તરફ ભાગતા જતા રહે છે. જ્યારે આ સમયમાં આવી હાલત છે તો આગળ જતા શું થશે, ''આગ મુઠ્ઠીમાં દબાયેલી છે'' કદાચ આવી હાલત થાય.

(૩) આ દુનિયા ઝુલ્મો સિતમથી ભરાઇ જશે, ત્યાર પછી અદ્‌લો ઇન્સાફનો પરચમ લેહરાશે એટલે ઇમામ(અ.સ.)નો ઝુહુર થશે.

અહી બે આગાહીઓ છે જેની તરફ હાલના સમયમાં લોકો ઝડપથી આગળ વધતા જોવામાં આવે છે, જેમાં ઇમામે આખેરૂઝ્ઝમાન(અ.સ.)ના ઝુહુરની રોશનીના કિરણો એવી રીતે દેખાય છે જેવી રીતે સવાર થવા પહેલાનું અંધારૂ સુબ્હે સાદિક તરફ આગળ વધી રહ્યુ છે.

એક આગાહી કે આ દુનિયા ઝુલ્મો સિતમથી ભરાઇ જશે, તે સમયે ઇમામ(અ.સ.)નો ઝુહુર થશે, આ હદીસ છે. આ એક આગાહી છે જે અલ્લાહના રસુલ(સ.અ.વ.)એ કરી છે. બીજી આગાહી ખુદ અલ્લાહ તબારક વ તઆલા તરફથી થઇ જેનું વર્ણન કુર્આને કરીમમાં થયુ છે ''ઇન્નલ્લાહ યુહ્‌યીલ્ અર્ઝ બઅ્‌દ મવ્તેહા'' ''બેશક આ ઝમીનને ફરી સજીવન કરશે જ્યારે તે મરી ચુકી હશે''. બે મહત્વના બનાવો એવા છે જેના લીધે જાણે જમીન ફનાહ થતા થતા બચી છે. એક જયારે જનાબે યહ્યા(અ.સ.)નું કત્લ થયું. જે ઝમીન ઉપર આપને શહીદ કરવામાં આવ્યા ત્યાંથી ખુન ઉછળવા લાગ્યું અને અવસીયા અને અલ્લાહના અવલીયાની દુઆઓ થકી રહેમતે ખુદાથી, ધિક્કારની હાલતમાં દમ તોડતી ઝમીન જેનુ કલેજુ તે ઝુલ્મથી ફાટી ગયુ હતું, તંદુરસ્ત થવા લાગી. બીજો બનાવ કરબલાનો અને ખાસ કરીને એ સમયે જ્યારે રસુલે ખુદા(સ.અ.વ.)ના નવાસા ઇમામ હુસૈન(અ.સ.)પોતાના હાથોમાં ૬ મહીનાના માસુમ બાળકનુ ખુન લઇને ઝમીન તરફ ફેંકવા ચાહતા હતા ત્યારે દુખ અને દર્દથી ઝમીન બોલી ઉઠી હતી અને ઇમામ હુસૈન(અ.સ.)એ તે ખુનને પોતાના ચેહરા ઉપર મસળીને કહ્યું હતુંઃ ''આવી જ રીત કયામતમાં પોતાના નાનાની સામે જઇશ'' ઇમામ હુસૈન(અ.સ.) રેહમતુલ્ લીલ્ આલમીનના વારિસ હતા. ચીંખતી, ધીક્કારને પાત્ર અને ફનાહ થવાવાળી ઝમીનને મરવાથી બચાવી લીધી. ઝમીન બચી તો તેના રેહવાવાળા પણ બચી ગયા, નહીંતર દરીયાના મોજાઓ (જાપાનની સુનામીના મોટા નુકશાનની જેમ) તમામ મખ્લુકને ગળી જાતે.

આખરી સમયમાં દુનિયા ઝુલ્મો સિતમથી ભરાઇ જશે. તે સમયે આ ઝમીન મરી જશે. સંપૂર્ણ મહેરબાની કરનાર, અક્લ અને સમજણની નેઅમતથી ફાયદો મેળવવાવાળા, કરીમ ખુદાની તરફથી એક મોઅમીનનું દિલ ઝાલીમ અને મઝલુમ બન્નેની સમજણ

**અનુસંધાન પાના નં. ૨૯ ઉપર ...**